॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥


જાન્યુઆરી ૨૦૧૩
રૂ. ૫/૦૦

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ




ભુજ મંદિરના મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી સહિત વડિલ સંતોની પ્રેરણાથી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો, યુવક મંડળના સંચાલક સંતોની સાથે કચ્છમાં સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદી સ્થાનોની યાત્રા જવા ઉપસ્થિત થયેલા કચ્છના વિવિધ ગામોના અસંખ્ય યુવાનો.









(૧) વચનામૃત જયંતીના પવિત્ર દિવસે વચનામૃતનું પૂજન કપતા મહંત સ્વામી સહિત વડીલ અને યુવાન સંતો. (૨) પ.ભ. નારાણભાઈ મનજી પરીવાર ભુજ મંદિરને ધર્માદાનો ચેક અર્પણ કરે છે. (૩) તુલસીબાઈના લગ્ન ઠાકોરજી સાથે કરવાનો લ્હાવો લેનાર ભુજના બંને યજમાન પરીવાર. (૪) પ્રસાદીના સ્થાનોના દર્શન કરતા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો. (૫) યુરોપના સત્સંગ વિચરણ માટે અંજારથી વિદાય લેતા ભુજ મંદિરના સંતો. (૬) શાકોત્સવ ઉજવતા ભુજ મંદિરના સંતો અને નરનારાયણ નગરના હરિભક્તો. (૭) વિશ્રાંતિ ભુવન વિલે પાર્લે મુંબઈમાં નવી ગાડીનું ઉદ્‌ઘાટન કરતા સંતો. (૮-૯) અંજાર સ્વામિનારાયણ મંદિરમાં તુલસી વિવાહમાં જોડાયેલ યજમાન પરીવાર. (૧૦) અંજાર માં અર્ધ શતાબ્દીના મહોત્સવના ઉપલક્ષ્યમાં યોજાયેલ પ્રભાતફેરી.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક






પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૯ કુલ્લ અંક ૨૦૩

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૨ અંક - ૧૩ - જાન્યુઆરી-૨૦૧૩
સળંગ અંક - ૩૨૫

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

*• અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.*
*• પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.*

# તંત્રીની કલમે

ભારતીય સંસ્કૃતિની ગરિમા અને અસ્મિતા અદ્વિતીય છે. આપણી સંસ્કૃતિમાં સૂર્યનારાયણ દિવસ, માસ, વર્ષ અને સમયના દ્યોતક છે. જે દિવસે સૂર્ય રાશિ બદલે તેને સંક્રમણ કાળ કહેવાય છે. સંક્રાંતિનો મહિમા સ્કંદપુરાણમાં શાતાતપ મુનિએ ગાયો છે. આ સંક્રાંતિઓમાં ધનસંક્રાંતિ અતિ ઉત્તમ છે. તેને કાત્યાયની વ્રત પણ કહેવાય છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને સત્સંગી જીવન પ્ર. ૪ માં ધનુર્માસનો વ્રતવિધિ કહેલો છે. કાત્યાયન વ્રત વિશે પોતાની ઈષ્ટસિદ્ધિ અર્થે ભોગ ધરાવવાનું કહેલ છે, શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ વૈષ્ણવી રીત મુજબ સંપૂર્ણ ભોગ ધરાવવાનું કહ્યું છે. તેમજ દાન કરવાનું પણ કહ્યું છે.

‘‘વિદ્યા ધનમ્ સર્વધન પ્રધાનમ્’’ એ ન્યાયે વિદ્યાગ્રહણ માટે ધનુર્માસને મહત્ત્વનો સમય કહ્યો છે. શ્રીકૃષ્ણ ભગવાન અને બળદેવજી ધનસંક્રાંતિના દિવસે સાંદિપની ઋષિને ત્યાં વિદ્યા પ્રાપ્તિ અર્થે ગયા હતા.

સૂર્ય ધનરાશિ છોડીને જે દિવસે મકર રાશિમાં પ્રવેશે છે તે દિવસ મકરસંક્રાંતિ કહેવાય છે. મકરસંક્રાંતિના દિવસે તલનું મહત્ત્વ વિશેષ છે. તલનો છ પ્રકારે ઉપયોગ કરવાની શાસ્ત્રોમાં આજ્ઞા આપેલી છે. તલ નાખેલા જળથી સ્નાન કરવું, શરીરે તલના તેલનું મર્દન કરવું, તલનો હોમ કરવો, પાણીમાં તલ નાખીને પીવું, તલ ખાવા, અને તલનું દાન કરવું. આ રીતે છ પ્રકારે તલના ઉપયોગ સમગ્ર પાપોનો નાશ કરનારા કહેલા છે. આ દિવસે દાનનું મહત્વ ખૂબ વધારે છે એવું શાસ્ત્ર વચન છે. સંક્રાંતિમાં ગ્રહણ મોક્ષ થયા પછી વ્યતીપાત યોગમાં આપેલું દાન અક્ષય–અવિનાશી થાય છે. તેનું ફળ જન્મ–જન્મ પર્યંત મળતું રહે છે. આવી શાસ્ત્રીય તથા મહર્ષિઓની દાન આપવાની પરંપરા યુગાન્તર સુધી ચાલતી રહે અને તેની પુષ્ટિ થતી રહે એ હેતુથી ભગવાન શ્રી સ્વામિનારાયણે આનું બહુ જ મહત્ત્વ આપેલું છે. માટે આજના પર્વે સૌને દાન કરવું.

આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનને આઠ શાસ્ત્રો પ્રિય હતા તેમાં તેમણે શ્રી ભગવદગીતાનો ઉલ્લેખ કરેલો છે. કારતક સુદ એકાદશીના દિવસે કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુન અને શ્રીકૃષ્ણના સંવાદરૂપે પ્રગટ થયેલ આ દિવ્ય ગ્રંથ આપણા જીવનમાં માર્ગદર્શન રૂપ પ્રકાશ પૂરો પાડે છે. સત્યના માર્ગે હોવા છતાં જયારે અન્યાય થાય ત્યારે કાયર ન બનતાં તેનો સામનો કરવાનો અને અહંકાર, ક્રોધ, મોહ જેવા આંતરિક શત્રુનો જ્ઞાન, કર્મ, ભકિત અને ધર્મ દ્વારા સામનો કરવાનો સંદેશ આપતો આ ગ્રંથ સમગ્ર વિશ્વને અમૂલ્ય અને અદ્વિતીય ભેટ છે. દુનિયામાં ૧૯૦૦ જેટલી ભાષાઓમાં લખાયેલ આ ગ્રંથની માગશર સુદ અગિયારના ગીતા જયંતી દિન તરીકે વિશ્વમાં ઉજવણી થાય છે. આ અંકમાં તેના વિષે થોડું પીરસવાનો પ્રયત્ન કરેલ છે.

જય શ્રી સ્વામિનારાયણ



# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

લેખાંક-૧૬

**વેદોપબૃહ્મણ રૂપ બ્રાહ્મણ ગ્રન્થ યુગ**

**લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી**



**શાંખાયન (કૌષીતકિ) બ્રાહ્મણ :** ઋગ્વેદનું આ બીજું બ્રાહ્મણ ૩૦ અધ્યયોમાં વિભક્ત છે. પ્રત્યેક અધ્યાયમાં ખણ્ડ છે જે ૫ થી લઇને ૧૭ સુધી છે. સંપૂર્ણ ખણ્ડોની સંખ્યા ૨૨૬ છે.

વિષયની દૃષ્ટિએ આ ઐતરેય બ્રાહ્મણને અનુસરે છે. આરંભિક ૩૦ અધ્યાયોનો વિષય બન્નેને પ્રાયઃ સમાન છે. તેમના અનુશીલન થી અનેક મહનીય વાતોનો પરિચય મળે છે.

ઉદીચ્ય લોકોનું સંસ્કૃત જ્ઞાન પ્રશંસનીય મનાય છે. તે સમયે લોકો ભાષા શિખવા માટે ઉદીચ્ય પ્રાન્તમાં જાતા હતા. અને જ્યારે ભણીને પાછા દેશમાં આવતા હતા ત્યારે તેઓ આદર તથા સત્કારના પાત્ર થતા હતા ' उदञ्च एव यन्ति वाचद शिक्षितुम्; यो वै तत आगच्छति तद शश्रुषन्ते'

ભાષા શાસ્ત્રની દૃષ્ટિએ આ કથનનું મૂલ્ય અતિ ઘણુ છે. પાણિનિ પણ ઉદીચ્ય બ્રાહ્મણ હતા. તેનું જન્મ સ્થળ શાલાપુર તક્ષશિલાની પાસે હતું તેથી પાણિનિનું ભાષાજ્ઞાન વિશેષ શ્લાઘનીય પ્રતીત થાય છે.

આ શાંખાયન બ્રાહ્મણમાં વિષ્ણુ ઉચ્ચકોટિના દેવતા માનવામાં આવ્યા છે, અને વિષ્ણુને મુખ્ય દેવતાના રુપમાં આરાધના કરવામાં આવતી હતી. 'विष्णुः आराध्यः' આ યુગમાં ધાર્મિક માન્યતા હતી જેની પૃષ્ટિ ઐતરેય બ્રાહ્મણમાં જોવા મળે છે. આ યુગની ઉદાત્ત ભાવનાનું પ્રતીક યજ્ઞ વિષ્ણુનું પ્રતીક હતું 'यज्ञो वै विष्णुः'

યજ્ઞમાં પશુ હિંસાની બાબતમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે જે લોકો આ લોકમાં યજ્ઞમાં જે જે પશુનો મારીને યજ્ઞમાં હોમે છે તે તે પશુઓ જ્યારે યજ્ઞ કરનાર પર લોકમાં જાય છે ત્યારે તેને તે પશુઓ ખાય છે. આવા કથન થી સ્પષ્ટ થાય છે કે યજ્ઞમાં હિંસા કરવાનું અર્થાત્ પશુયાગ તથા માંસભક્ષણનો પુરેપુરો નિષેધ છે તેથી લોકોમાં પણ માંસભક્ષણ પ્રતિ ઘૃણાની ભાવના જાગી રહી હતી અને તેનાથી પરાંગમુખ થતા રહ્યા હતા. 'अमुष्मिन् लोके पशवो मनुष्यानश्नन्ति'

**શતપથ-બ્રાહ્મણ :** બ્રાહ્મણ ગ્રન્થમાં સૌથી વધારે મહત્ત્વશાળી વિપુલકાય તથા યાગાનુષ્ઠાનનું સર્વોત્તમ પ્રતિપાદક ગ્રન્થ આ જ શતપથ-બ્રાહ્મણ છે. શુક્લયજુર્વેદની ઉભયશાખાઓ માધ્યાન્દિન તથા કાણ્વ શાખાઓ ઉપલબ્ધ છે. વેદકાળથી યજ્ઞો કરવાની પરંપરા ચાલી આવતી હતી. પરન્તુ તે ઘણી ઓછી માત્રામાં હતી. પરન્તુ શતપથ- બ્રાહ્મણ યુગમાં યજ્ઞયાગોનું સાંગોપાંગ તથા પૂર્ણ વિવરણ પ્રસ્તુત કરે છે. તેથી યજ્ઞોનું યથાવત અનુષ્ઠાન અધીક પ્રમાણમાં જવા લાગ્યુ. દર્શ પૂર્ણમાસ, સોમયાગ વગેરે યજ્ઞોનું વિશેષ પ્રચલન આ યુગથી થવા લાગ્યુ. યજ્ઞોનું આધ્યાત્મિક મહત્વ આ શતપથ બ્રાહ્મણે વિશેષરૂપમાં દર્શાવ્યુ છે. તેથી એવું કઇ શકાય કે યજ્ઞ-વિદ્યા પૂર્ણ વૈભવની સાથે સમાજની આગળ ઉપસ્થિત રહી છે. યજ્ઞના અનુષ્ઠાનની નાનામાં નાની વિધિ-વિધાનને વિસ્તાર પૂર્વક આ બ્રાહ્મણમાં કરવામાં આવ્યું છે. તેમજ યજ્ઞનું આધ્યાત્મિક અને લૌકિક રહસ્ય અને તેનું ફળનું પૂર્ણ સંકેત આ બ્રાહ્મણમાં જોવા મળે છે.

આ બ્રાહ્મણમાં યજ્ઞોના જુદા જુદા રૂપો, વિવિધ અનુષ્ઠાનોનું અસાધારણપણે નિરુપણ કર્યું છે. જેમાં યજ્ઞ-મીમાંસાનો પ્રારંભ હવિર્યાગોથી કરવામાં આવ્યું છે. જેનો આધાર અગ્નિહોત્ર છે. યજ્ઞ જીવનનું અતિ મહત્વપૂર્ણ કૃત્ય છે. "यज्ञो वैश्रेष्ठतमद

કર્મ" તથા જગત્ 'अग्निसोमात्मक' છે. સોમ અન્ન છે. અગ્નિ અન્નાદ છે. અગ્નિરૂપી અન્નાદ સોમરૂપી મન્ત્રની આહુતિ ગ્રહણ કરનાર છે. આ જ ક્રિયા સંસારમાં સતત્ વિદ્યમાન છે. આ ગ્રન્થમાં યજ્ઞની પ્રતીકાત્મક વ્યાખ્યાઓ પણ જેવા મળે છે. યજ્ઞ પુરુષ છે. હવિષ્યનુ દાન તેનું મસ્તક છે. આહવનીય મુખ, આગ્નીધ્રીય એવં માર્જાલીય બન્ને તેના ભુજાઓ છે. યજ્ઞનું નામકરણ હેતું તેનો વિસ્તાર કરવામાં આવ્યો છે. "ताद्यदेनद तन्वते तदेनद जनयन्ति स तायमानो जायते" સસ્વર પઠનીય આ બ્રાહ્મણમાં યજ્ઞીય અનુષ્ઠાનોનો નાનામાં નાનો વિધિ-વિધાનોનું વર્ણન છે.

**તૈત્તિરીય-બ્રાહ્મણ :** તૈત્તિરીય-બ્રાહ્મણ કૃષ્ણ યજુર્વેદીય શાખાનું એક માત્ર ઉપલબ્ધ બ્રાહ્મણ છે. તૈત્તિરીય બ્રાહ્મણનો પાઠ સ્વરો થી યુક્ત જોવા મળે છે. આ બ્રાહ્મણ ૩ ભાગમાં વિભક્ત છે. જેને કાણ્ડ કહેવામાં આવે છે. પ્રથમ તથા દ્વિતીય કાણ્ડમાં ૮ અધ્યાય છે. તથા તૃતીય કાણ્ડમાં ૧૨ અધ્યાય છે.

આ બ્રાહ્મણમાં સામવેદને સમસ્તવેદોનું શીર્ષક માનવમાં આવ્યું છે. મૂર્તિ તથા વૈશ્યની ઉત્પત્તિ ઋક્ થી, ગતિ તથા ક્ષત્રિયની ઉત્પત્તિ યજુષ્ થી તથા જ્યોતિ અને બ્રાહ્મણની ઉત્પત્તિ સામવેદથી થઇ છે એવું બતાવીને આ તૈત્તિરીય બ્રાહ્મણ સામવેદને સર્વશ્રેષ્ટ માન્યો છે. જુદા જુદા પ્રકારના યજ્ઞો તથા ગાયની દક્ષિણાનું વર્ણન કરવામાં આવ્યું છે. વર્ણવ્યવસ્થાની પૂર્ણ પ્રતિષ્ઠા તથા તેનો સર્વત્ર આદર જોવા મળે છે. એક વિશેષ ઉલ્લેખ આ બ્રાહ્મણમાં ખાસ જોવા મળે છે કે - પુરાણોમાં વર્ણવેલ અનેક અવતારોની કથાઓનું બીજ આ તૈત્તિરીય બ્રાહ્મણ માં જોવા મળે છે. આહિંય વરાહ અવતારનો સ્પષ્ટ સંકેત જોવા મળે છે. વૈદિક કાલીન જ્યોતિઃશાસ્ત્રના અનેક જ્ઞાતવ્ય તથ્યોનો ઉલ્લેખ આ તૈત્તિરીય બ્રાહ્મણમાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. તેથી જ્યોતિઃશાસ્ત્રની દૃષ્ટિએ પણ આ બ્રાહ્મણને નિતાન્ત ઉપયોગી માનવામાં આવે છે.

**ગોપથબ્રાહ્મણ :** અથર્વવેદમાં માત્ર આ જ બ્રાહ્મણ ઉપલબ્ધ છે. જે બે પૂર્વ અને ઉત્તર ભાગોમાં વિભક્ત છે. પાતંજલ મહાભાષ્ય (૧-૧-૧) તથા ગોપથ બ્રાહ્મણ ૧-૧-૨૯) ના આધારે આ બ્રાહ્મણ પૈપ્પલાદ શાખાથી સંબન્ધીત છે. પૂર્વભાગમાં ૫ તથા ઉત્તર ભાગમાં ૬ પ્રપાઠક છે. જે કણ્ડિકાઓ માં વિભક્ત છે. પૂર્વ ભાગમાં ૧૩૫, ઉત્તર ભાગમાં ૧૨૩ કણ્ડિકાઓ છે. આનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય ક્રીતયજ્ઞોનું વર્ણન છે. તેમાં પ્રતિપાદિત નિર્વાચન પ્રક્રિયા અદ્વિતીય છે. રોચક છે. આના વક્તા ઋષિ ગોપથ છે.

પૂર્વભાગના પ્રથમ પ્રપાઠકમાં સૃષ્ટિ-પ્રક્રિયા, દ્વિતીય માં બ્રહ્મચારીનું કર્તવ્ય અને મહત્વ, તૃતીય થી પંચમ ભાગ સુધીમાં યજ્ઞસમ્બન્ધી વિભિન્ન વિષયનું વર્ણન કરવામાં આવ્યું છે.

ઉત્તર ભાગમાં વિભિન્ન યજ્ઞો તેમજ તત્સબન્ધિત કથાઓનું વર્ણન છે. **પ્રથમ પ્રપાઠકમાં** દર્શપૂર્ણમાસ, કામ્યેષ્ઠિઓ, અગ્નિચયન, ચાતુર્માસ આદિ, **દ્વિતીય પ્રપાઠકમાં** કામ્યેષ્ઠિ, તાનૂત્રેષ્ઠિ, પ્રવર્ગ્યેષ્ટિ, યજ્ઞશરીરભેદ, સોમશ્રિત, આગ્નીધ્ર વિભાગાદિ, **તૃતીય પ્રપાઠકમાં** વષટ્કાર, ઋતુગ્રહાદિ, એકાહ, વિભિન્ન સવન, **ચતુર્થ પ્રપાઠકમાં** ષોડશી યાગ, **પાંચમા તથા છઠા પ્રપાઠકમાં** અતિરાત્રિ, સૌત્રામણિ, વાજપેય, આપ્તાર્યામ, સત્રયાગાદિનું નિરૂપણ કર્યું છે.

આ પ્રમાણે દરેક બ્રાહ્મણ ગ્રન્થો વેદના અર્થને સમજવા માટે અતિ ઉપયોગી બન્યા અને તે સમયના લોકોની બુદ્ધિની ક્ષમતા પ્રમાણે આ બ્રાહ્મણ ગ્રન્થો વેદની ભાષાકીય દૃષ્ટિથી સરલ હોવાથી સમજવા સરલ થયા તેથી જ્યારે લોકોને વેદના અર્થને સમજવામાં કઠિનતા અનુભવા લાગી ત્યારે આ બ્રાહ્મણ ગ્રન્થો તેને સમજવા માટે અતિ ઉપયોગી થયા .આ યુગમાં બ્રાહ્મણ ગ્રન્થોના અધ્યયનથી લોકો વેદ અને વેદની સંહિતાઓને સમજવા લાગ્યા અને સંહિતાના રહસ્યને જાણી યજ્ઞીય કર્મકાંડ વિધિ કરવા લાગ્યા અને બ્રહ્મ સબન્ધી જ્ઞાન પ્રાપ્ત કરી તેની ઉપાસના કરવા લાગ્યા. તેથી આ યુગને **"બ્રાહ્મણ ગ્રન્થ યુગ"** કહેવાય.

**ક્રમશઃ**

# ગીતાજયંતી દિને સંદેશ

– જનકભાઈ એમ. ભટ્ટ

આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનને આઠ શાસ્ત્રો પ્રિય હતા તેમાં તેમણે શ્રી ભગવદગીતાનો ઉલ્લેખ કરેલ છે. શ્રીજી મહારાજ જણાવે છે કે ભગવદ ગીતા અમોને પ્રિય શાસ્ત્ર છે. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપેલો છે. ઉપદેશનું નિરૂપણ વ્યાસ ભગવાને કરેલું છે તેથી ભગવદ્‌ગીતાને અધ્યાત્મશાસ્ત્ર પણ કહેવામાં આવે છે.

કુરુક્ષેત્રની રણભૂમિ ઉપર ભગવાન શ્રી કૃષ્ણના મુખારવિંદમાંથી ગીતાનો જ્ઞાન પ્રવાહ વહ્યો માત્ર ભારત દેશને જ નહીં પરંત વિશ્વને ગીતાનો અમૂલ્ય ગ્રંથ પ્રાપ્ત થયો. તે દિવસે ભારતના ઉજજવળ સાંસ્કૃતિક ઈતિહાસમાં માત્ર ભારત દેશ નહીં પરંતુ સમગ્ર વિશ્વના લોકો ભાવપૂર્વક અંતઃકરણથી ગીતા જયંતિનો ઉત્સવ માગસર સુદ અગીયારસના દર વર્ષે ઉજવે છે.

ગોપાલકૃષ્ણની પ્રેમસ્વરૂપ મુરલીએ ગોકુળમાં સૌને આકર્ષી મંત્રમુગ્ધ કર્યા હતા. ગીતા યોગેશ્વર કૃષ્ણની જ્ઞાનમુરલી છે. આ અનેક જ્ઞાનીજનો, ભકતો, કર્મયોગીઓ, સંતો ઋષિઓ તત્ત્વચિંતકો સમાજસેવકો, કોઈપણ દેશનો કે કોઈપણ કાળનો ધર્મનો જ્ઞાતિનો હોય સૌને મંત્રમુગ્ધ કર્યા છે., ગીતાએ કુરુક્ષેત્રની ભૂમિ ઉમર અર્જુનને યુદ્ધ કરવાની પ્રેરણા આપી છે. ભગવાને અર્જુનને નિમિત બનાવી સમગ્ર માનવજાતને ગીતાના સંદેશ દ્વારા જીવન જીવવાની કળા સમજાવેલ છે.

જીવન સંગ્રામ છે. જીવનથી ભાગવાનું નથી. જીવન સાચા અર્થમાં સુંદર રીતે જીવવા માટે છે. જીવનમાં મુસીબતો આવે તો તેમની સામે હિંમતપૂર્વક ઝઝૂમવાનું છે. જીવનમાં શ્રદ્ધાનો દીપક સળગતો રાખી તેના બળે વિકાસ સાધવાનો છે. જીવનમાં નિરાશા લાવવાની નથી, જીવનમાં ડગલેને પગલે આવતા નાના મોટા સંગ્રામોની સામે હિંમતપૂર્વક ઊભા રહેવાનું છે.

આપણા વેદો, ઉપનિષદોના જ્ઞાન સાગરનો ગીતારૂપી નાની ગાગરમાં સમાવેશ કરવામાં આવેલ છે. માનવજીવનનાં ચિરંતન મૂલ્યોને ગીતામાં વણી લેવામાં આવેલ છે. શ્રી કૃષ્ણના મુખારવિંદમાંથી નીકળેલું આ અમૃતગીત અનેક લોકોમાં પ્રાણ પૂરે છે. ગીતમાં જે આગવું માધુર્ય છે તે શ્રીકૃષ્ણનું પોતાનું છે. તેમ છતાં ભગવાન સ્વમુખે કહેલ છે. આમાં મારું મૌલિક કાંઈ પણ નથી, ઋષિઓએ જે અનેકવાર અનેક પ્રકારે ગાયું છે. તે જ હું ફરીથી કહું છું. ભગવાનની આ નમ્રતા છે.

ગીતા એ વિશ્વધર્મગ્રંથ છે. તે તત્ત્વજ્ઞાનનો અમૂલ્ય ગ્રંથ છે. ભગવાને ગીતાને ગાઈ છે એ જ તેની વિશેષતા છે. વેદવ્યાસજીએ પાછળથી આ ગીતાને મહાભારતમાં ગૂંથી લીધી છે.

ગીતામાં બધું જ છે. સાહિત્યમાં રસ ધરાવતા લોકોને ગીતા રસ કે શોખ પૂરો પાડે છે. કર્મઠ લોકો, કર્મવીરોને કર્મ કરવાનો ઉત્સાહ પૂરો પાડે છે. જ્ઞાની લોકો ગીતા જ્ઞાનગંગામાં ડૂબકી મારી શકે છે. ભકતજનોને ગીતામાં ભકતનું રહસ્ય સમજાય છે. વ્યાકરણશાસ્ત્રીઓ ગીતામાં પદનું માધુર્ય, લાલિત્ય જોઈને ઝૂમી ઊઠે છે.

ગીતામાંથી લોકોને ભરપૂર આશ્વાસન સાંપડે છે. ગીતા એ ‘મા’ ની તુલનામાં છે. મા પોતાના કોઈપણ દીકરાનો તિરસ્કાર કરતી નથી. પાપી લોકો પણ ગીતા પાસે આવે તો ‘મા ગીતા’ તેની ઉપેક્ષા કરશે નહીં. ગીતા કહે છે કે ગમે તેવો પાપી મનુષ્ય સારો થઈ શકે છે તેનામાં બદલાવ આવી છે, મહાન બની શકે છે, વાલિયો લૂંટારો મહર્ષિ વાલ્મિકી બની ગયો આના માટે માણસે અંતઃકરણપૂર્વક પ્રભુની પ્રાથના કરવી જોઈએ.

ગીતા કહે છે કે નિરાશા એ હૃદયની ક્ષુદ્ર દુર્બળતાનું લક્ષણ છે. નિષ્ફળતાથી નિરાશ થવાને બદલે માણસે વધારે શકિતથી કામે લાગી જવું જોઈએ. નિસફળતા એ સફળતાની સીડી છે. ગીતા કહે છે કે તું યોગી થા. એટલે કે કોઈપણ કાર્યમાં સાંસ્કૃતિક, ધ્યેય કે ઈશ્વર સાથે જોડાઈ જા. ધર્મ વગર જીવનનો વિકાસ સંભવિત નથી. ધ્યેય શૂન્ય જીવન સુકાન વગરના વહાણ જેવું છે. આદર્શન વિનાનું જીવન મીઠા વગરની

રસોઈ જેવું છે.

શિશુ અવસ્થામાં વિદ્યા પ્રાપ્તિની જિજ્ઞાસા હોવી જોઈએ. યૌવન અવસ્થામાં શાહસિકતા દાખવીને સંસ્કૃતિનું રક્ષણ તથા પ્રભુ કાર્ય માટે હિંમતપૂર્વક કાર્ય કરવું. વૃદ્ધ લોકો પાસે જીવનના અનુભવની મૂડી છે તે મૂડીના સહારે સમાજમાં ભાવ–ભકિત વધે તેવા પ્રયત્નો કરી ઈશ્વરાભિમુખ બનવાનું છે.

સન્યાસીને ગીતા કહે છે કે, સન્યાસ બહારના દેખાવ પૂરતો નથી પરંતુ આંતરિક પરિવર્તનનું પ્રતિક છે, સન્યાસ વૃત્તિમાં સમાયો છે તેથી મનોવૃત્તિ બદલવાની છે. સન્યાસીમાં ત્યાગ, બલિદાન, સમર્પણભાવ હોય તો સાચો સન્યાસી કહેવાય.

સ્ત્રીઓ માટે ગીતાએ સંદેશો આપેલો છે. મર્યાદા એ સ્ત્રીનું સૌંદર્ય છે. સ્ત્રીની વાણી પ્રેમાળ, પવિત્ર, પ્રેરક, હોવી જોઈએ. સ્ત્રીએ મહાન કાર્ય કરવા માટે જન્મ લીધો છે. સ્ત્રી ભોગદાસી ન બનતાં ભાવમૂર્તિ બની રહે. સ્ત્રી પુરુષની યોગ્ય સલાહકાર બની રહે, ધૈર્ય, હિંમત આપી શકે. પુરુષની સહાયક બની રહે. સ્ત્રી એ ખરા અર્થમાં સ્ત્રી બની શકે. તેમાં તેનું ગૌરવ છે.

વિદ્યાર્થીએ જો વિદ્યા પ્રાપ્ત કરવી હોય તો પ્રણિપાત એટલે કે નમ્રતા પરિપ્રશ્ન એટલે કે જિજ્ઞાસા અને સેવા આ ત્રણ ગુણો કેળવવા પડશે. જ્ઞાન આપનાર ગુરુ કે શિક્ષક જ્ઞાની તેમજ તત્ત્વદર્શી હોવો જોઈએ. ગુરુના જીવનમાં તપશ્ચર્યાનું બળ, જ્ઞાનનું ઊંડાણ અને અનુભવનો નિચોડ હોવો જોઈએ, તે વિદ્ધાન હોય આચારને જીવનમાં ઉતારી શકે તેવો હોવો જોઈએ.

ગીતાની દ્રષ્ટિએ નેતા, સામાજિક ધાર્મિક કે રાજકીય ગમે તે ક્ષેત્રનો હોય તેણે પોતાના જીવનના ઉદાહરણથી સમાજને પ્રેરક માર્ગદર્શન આપવું રહ્યું. મોટા માણસોની જવાબદારી રહેલી છે કે તેણે સમાજને પૂરતું નેતૃત્ત્વ કે દોરવણી આપવી.

કાર્ય કરનારાઓને ગીતા કહે છે કે તારા કર્મને કર્મયોગ બનાવ. કર્મમાં કુશળતા એજ યોગ છે. ધીરજવાન અને ઉત્સાહી માણસને સિદ્ધિ મળશે જ. પ્રયત્ન એજ સાધના છે. પુરુષાર્થ કર્યા વિનાની પ્રાપ્તિમાં આનંદ નથી. સાધના વગરની સિદ્ધિ નકામી છે. જ્ઞાનીલોકોને ગીતા કહે છે કે વાદવિવાદ ન કરો, સંવાદ કરો. કૃષ્ણ અને અર્જુન વચ્ચે સંવાદ જ છે.

કર્મ કરવું એ તારો અધિકાર છે. ફળની ચિંતા ન કરવી. આસકિત વગરનું કર્મ કરતા રહેવું. ભગવાન ગીતામાં કહે છે કે મારા ભકતનો નાશ થતો નથી. એની કાળજી ભગવાન સ્વયં લે છે. ભકતોના યોગક્ષેત્રનું વહન પ્રભુ સ્વયં કરે છે.

આત્મતત્ત્વ વિષે ભગવાન કહે છે કે તે પ્રયોગશાળાનો વિષય નથી. વૈજ્ઞાનિકોનો એ ભ્રાન્ત ખ્યાલ છે. મનની એકાગ્રશકિત વધારવાનું ગીતામાં જણાવેલ છે. માસણનું મન ચંચળ છે. તેનો નિગ્રહ કરવો. માનવ માનવ તરીકે જીવન જીવે, દાનવ ન બને એ ગીતાનો સંદેશ છે મારે સુંદર બનવું છે., એ પ્રત્યેક માનવનું ધ્યેય હોવું જોઈએ.

અંતમાં ગીતામાતાને પવિત્ર સંદેશ આપણા જીવનમાં ઝીલીને આપણે પણ ધનુર્ધર પાર્થ એટલે કે અર્જુન જેવા બનવાનો સંકલ્પ કરીએ. ભગવાન શ્રીકૃષ્ણ આપણી વૃત્તિ તથા બુદ્ધિ એવી બનાવે અને આપણી શકિતમાં વધારો કરે એજ પ્રાર્થના.

## શ્રી ઘનશ્યામ મહારાજ અર્ધશતાબ્દી મહોત્સવ

દેશ–વિદેશમાં વસતા સૌ હરિભકતોને જય શ્રી સ્વામિનારાયણ સાથે જણાવવાનું કે આગામી ચૈત્ર સુદ–૧ થી ચૈત્ર સુદ–૫, તા. ૧૧/૪/૨૦૧૩ થી તા. ૧૫/૪/૨૦૧૩ સુધી અંજારના શ્રી ઘનશ્યામ મહારાજનો ૫૦મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવશે.

આ મહોત્સવમાં સેવા કરવા ઈચ્છુક ભકતોએ વહેલી તકે જાણ કરવી. ભુજ અથવા અંજાર મંદિરના કોઠારમાં જાણ કરવી.

**વધુ માહિતી :** ફોન. ૦૨૮૩૬–૨૪૩૩૫૧
મો. ૯૮૭૯૫ ૨૨૪૯૫
આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અંજાર–કચ્છ.

# સંસ્થા સમાચાર

**ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.**

## સમૂહ ૧૦૮ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૩-૪-૨૦૧૩ થી તા. ૯-૪-૨૦૧૩ સુધી સમૂહ ૧૦૮ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન ભુજ મંદિરમાં કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, કોઈ બ્રહ્મનિષ્ઠ સંતની પુણ્યસ્મૃતિમાં પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવવું.

**એક પોથીના રૂા. ૧૫,૦૦૦/–**

પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે. ૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે. વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.

## ઉદ્ધવ સંપ્રદાયના સંતો-સત્સંગીઓ જોગ

જય શ્રી સ્વામિનારાયણ સાથે સૌહુ શ્રીજી મહારાજના પરમ આશ્રિત સંતો અને સત્સંગીઓને સહૃદય જણાવવનું કે શ્રીજી મહારાજ સ્થાપિત સિદ્ધાંતો જળવાઈ રહે એવા પ્રયત્નો સૌહુએ કરવા જોઈએ. મહારાજે પધરાવી આપેલ શ્રી નરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણ આદિ દેવોના પરમ આશ્રિત થઈને રહેવું જોઈએ.

બીજું નમ્ર નિવેદન ભુજ કચ્છના સત્સંગને મૂંઝવણ થાય, પરસ્પર ઘર્ષણ થાય, એક બીજાના અવગુણ અભાવ આવે એવા પ્રયત્નો ન થાય એવી કાળજી સંપ્રદાયના સંતો તથા ભકતોએ લેવી જોઈએ. ઘણીવાર નિષ્ઠાવાન, ઉજળા કચ્છના સત્સંગને ગેરમાર્ગે દોરવાના પ્રયત્નોમાં આમંત્રણ પત્ર પત્રિકાઓમાં ભુજ મંદિરના સંતોના નામોનો ઉલ્લેખ કરવામાં આવે છે, જેની ભુજ મંદિરને કોઈ જાતની જાણ નથી હોતી. આમંત્રણ પત્રિકાઓમાં જયારે નામ દેખાય ત્યારે ભુજના સંતો અને ભુજના સત્સંગીઓમાં ભેદ રેખા ઉભી થતી હોય છે. માટે ભુજના સંતોના નામનો ઉલ્લેખ તથા ફોટા ભુજ મંદિરની અનુમતિ લઈને જ મૂકવા જેથી મહારાજે સ્થાપિત દેવોના સંતોમાં પરસ્પર ઘર્ષણ ન થાય.

ભુજ નગર નિવાસી શ્રી નરનારાયણ દેવ આપ સૌને બળ તથા નિષ્ઠા આપે એવી પ્રાર્થના સહ.

લી. કોઠારી સ્વામી

## પચાંહ્ન પારાયણ

પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી તા. ૮–૧૨–૧૨ થી તા. ૧૨–૧૨–૧૨ સુધી શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણનું આયોજન અ.નિ. ડિમ્પલ નારાણ મેપાણીના મોક્ષાર્થે કરવામાં આવેલ. વ્યાસપીઠ પરથી પુરાણી શ્રીજી પ્રકાશદાસજીએ કથામૃતનું રસપાન કરાવેલ. કથાના યજમાન ગામ સુખપરના (હાલે કમ્પાલા) પ.ભ. નારાણ ધનજી મેપાણી રહ્યા હતા. કથા દરમ્યાન સંતો અને હરિભકતોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. કથાના અંતિમ દિવસે પ.પૂ. મહંત સ્વામીએ આશીર્વચન આપી પ્રસન્નતા વ્યકત કરી હતી.

## તુલસી વિવાહ મહોત્સવ - ભુજ

ઈષ્ટદેવ શ્રી નરનારાયણ દેવની અસીમ કૃપાથી તથા ભુજ મંદિરના પ.પૂ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. પ્રેમપ્રકાશદાસજી સ્વામી, કોઠારી પાર્ષદ પૂજય જાદવજી ભગત આદિ સંતોના આશીર્વાદથી ભુજ મંદિરના પ્રાંગણમાં સંવત ૨૦૬૯ કારતક સુદ ૧૨, રવિવાર તા. ૨૫–૧૧–૧૨ના તુલસી વિવાહ મહોત્સવ ધામધૂમથી ઉત્સાહપૂર્વક ઉજવાયો. જેના વરપક્ષ (ઠાકોરજી)ના યજમાન બનવાનું સૌભાગ્ય અ.નિ. વેલાબેન ગૌરીશંકર હીરજી ઠક્કર, સુપુત્ર શ્રી અરવિંદભાઈ, ધ.પૂ. પ્રફુલાબેન સપરિવારને સાંપડયું હતું. જયારે કન્યા પક્ષ (તુલસીમાતા)ના યજમાન બનવાનો લ્હાવો પ.ભ. અનિલકુમાર હરિશંકર દેવજી ગોર, ધ.પ. અલ્પાબેન સપરિવારે લીધો હતો.

સવારે મંડપારોપણ અને ગ્રહશાંતિનો વિધિ હજારો હરિભકતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. સાંજે યજમાન શ્રી અરવિંદભાઈના નિવાસસ્થાનેથી ઠાકોરજીની ભવ્ય (વરઘોડો) નગરયાત્રાનો પ્રારંભ થયો જેમાં સુંદર નવા વસ્ત્રો અને સાફાથી સજજ હરિભકતો અને બહેનો જોડાયા હતા. જયુબીલી ગ્રાઉન્ડ, વી.ડી. હાઈસ્કૂલ, બીલેશ્વર મહાદેવ મંદિર, ઘનશ્યામનગરના માર્ગેથી થઈને નગરયાત્રા મંદિરે પહોંચી મંગલકારી લગ્નગીતોથી વાતાવરણમાં લગ્નની પ્રસન્નતા પ્રસારી ગઈ હતી. સાંજે સાત વાગે ઉત્સાહ ઉમંગ અને ભકિતભાવ સાથે શાસ્ત્રોકત મંત્રોના ઉચ્ચારણ સાથે ગોર મહારાજે લગ્ન કરાવ્યા હતા.

આરતી, પૂજા, કીર્તનાદિથી વાતાવરણ પવિત્ર બન્યું હતું. સૌ હરિભકતોને પ્રસાદરૂપ ભોજન પીરસવામાં આવ્યું. સૌ સંતોએ પ્રસન્નતા વ્યકત કરી આયોજકોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

# સત્સંગ સમાચાર

## વચનામૃત જયંતીની ઉજવણી - કોડકી

વિશ્વના સર્વે ધર્મના શાસ્ત્રોનો શિરમોર કહી શકાય તથા વિશ્વનું સૌથી અજોડ શાસ્ત્ર કે જેને લોકો અમૃત કહે છે કે જે અમૃતનું પાન કરવાથી જીવ અમર બની જાય, એવું સાક્ષાત્ ભગવાન શ્રી સ્વામિનારાયણના મુખેથી નીકળેલ વચનો રૂપી અમૃત એટલે વચનામૃત. જગતના સર્વે મનુષ્યને પોતાના જીવનમાં આધ્યાત્મિક કે સામાજિક કોઈને કોઈ પ્રશ્ન ઉદ્‌ભવતિ હોય છે. તે સર્વે પ્રશ્નોનું સમાધાન કરી આપે તેવું શાસ્ત્ર એટલે વચનામૃત. તે વચનામૃત જયંતિ કે જેનો પ્રારંભ સંવત ૧૮૭૬ માગશર સુદ–૪ના ગઢડામાં થયો હતો. તે વચનામૃત જયંતિની ઉજવણીના ભાગરૂપે કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ કોડકી દ્વારા શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂનની સાથે પ્રભાતફેરી કાઢવામાં આવી હતી. તેમ જ સાંજે યુવક મંડળની વિશેષ સત્સંગ સભામાં યુવાનો દ્વારા વચનામૃતની સમૂહ પારાયણ કરવામાં આવી હતી. તથા બહેનોના મંદિરમાં પણ સાંખ્યોગી બહેનોના માર્ગદર્શન હેઠળ વચનામૃતની સમૂહ પારાયણ કરવામાં આવી હતી.

અહેવાલ : યુવક મંડળ શ્રી નારણ રવજી હાલાઈ – કોડકી

## કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ સ્થાપના દશાબ્દી પર્વે કચ્છ સત્સંગ યાત્રા

તા. ૨૯–૧૧–૨૦૧૨ થી તા. ૪–૧૨–૨૦૧૨ સંવત ૨૦૬૯ કારતક વદ ૧ ભગવાન શ્રી સ્વામિનારાયણ જે ભૂમિ ઉપર સાત વર્ષ સુધી અડવાણે પગે વિચરણ કરી એક એક ભકતને ઘેર પધારી એમને પથ બતાવ્યો અને જે ભૂમિ ઉપર મોટા મોટા સંતો અચ્યુતદાસજી સ્વામીથી માંડીને અક્ષરજીવનદાસજી સ્વામી તેમજ લાધીબાઈ, કરણીબાથી માંડીને ધનબાઈ ફઈ સુધી મુકતો તેમજ કચરાભકતથી લઈને કેશરા પરમેશ્વરા સુધીના ભકતો આ ભૂમીમાં જન્મ લઈ આ સત્સંગ અને કચ્છ પ્રદેશને હરિયાળો, સંસ્કૃતિ સભર અને ગામે ગામ મંદિરો કરી સંપ્રદાય માન્ય શાસ્ત્ર દ્વારા સંપ્રદાયના આચાર્ય દ્વારા પ્રતિષ્ઠા કરાવી દરેક ભકતોના મોક્ષદ્વાર ઉઘાડયા છે. જયાં જયાં શ્રીજી મહારાજ પધાર્યા છે ત્યાં ત્યાં પ્રસાદીની ચિર સ્મૃતિ બની રહે એવા હેતુથી દરેક જગ્યએ છતરડી બનાવી શ્રીજી મહારાજના ચરણારવિંદ પધરાવ્યા છે. કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળની સ્થાપનાને ૧૦ વર્ષ થતાં તેના ઉપલક્ષમાં કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ સંચાલક સંતોએ યુવક મંડળના યુવાનો માટે સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજી, સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સગદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની આજ્ઞાથી કચ્છ સત્સંગ યાત્રાનું આયોજન કરેલ. જેમાં ૧૨ સંતો અને ૧૮૬ યુવાનોએ ભાગ લીધો. જેમાં કચ્છ, ગુજરાત, ઓસ્ટ્રેલીયા, કંપાલા આદિ સ્થળેથી યુવાનો આ યાત્રામાં જોડાયા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ચરણાંકિત આ પાવનભૂમિ પૂર્વમાં રાપરથી લઈને પશ્ચિમમાં કોટેશ્વર સુધી કચ્છની છ દિવસની યાત્રામાં ૭૮ ગામ તથા ૧૭૩ પ્રસાદીના સ્થળોએ યુવાનો દર્શન કરી ધન્ય થયા હતા.

૬ દિવસની કચ્છ સત્સંગ યાત્રા પ.પૂ. મહંત સ્વામી આદિ સંતોના આશીર્વાદ લઈ શ્રી નરનારાયણ

દેવોના દર્શન કરી ભુજ શહેરમાં હમીરસર, ફુલવાડી, ૧૮ પરમહંસોને મહારાજ જયાં મળેલા તે પ્રસાદી સ્થળોનાં દર્શન કરી સમગ્ર ભુજ ચોવીસી, અબડાસા, વાગળ, અંજાર માંડવી વગેરે સ્થળોએ દર્શન કરી પ્રસાદી મંદિરે રાસોત્સવનું આયોજન કર્યું હતું. ત્યાં મહંત સ્વામી તથા શ્રીહરિદાસજી સ્વામી આદિ સંતોના આશીર્વાદ મળ્યા.

યાત્રામાં જયાં જયાં ગયા ત્યાં  તયાં સંઘ તરફથી અંજાર માંડવી, પ્રસાદી મંદિર મંદિરોમાં થાળભેટ, ગુરુકુળોમાં ભેટાદિની સેવા કરી ભુજ શ્રી નરનારાયણ દેવને પંચાવન હજાર પાંચસો પંચાવન રૂપીયાની ભેટ ધોતીયા તથા એકાવન હજાર રૂ.નો ગાયોને ચારો નાખવામાં આવ્યો હતો. છેલ્લે યુવાનો ભુજના દેવોના દર્શન કરી યાત્રા પૂર્ણ કરી હતી. આ યાત્રાનો લાભ જેને મળ્યો એવા યુવાનો અહો અહો ખૂબ આનંદ આવ્યોની લાગણી અનુભવી વિદાય થયા હતા.

અહેવાલ : રમણીકભાઈ ગોર

## કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સ્થાપના દશાબ્દી પર્વે ઈન્ટરનેશનલ શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર

યુવક મંડળની સ્થાપનાને ૧૦ વર્ષ પૂર્ણ થતાં સમગ્ર દેશ વિદેશમાં વસ્તા યુવક મંડળના યુવાનો માટે ૫ દિવસની નિવાસી શિબિર ભુજમાં રાખેલ છે, જેમાં દેશના, યુ.કે, કેન્યા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝિલેન્ડ, કેનેડા વગેરે રાષ્ટ્રોના યુવાનો ભાગ લેશે અને તેમની વિસ્તૃત માહિતિ પછીથી જણાવશુ. આ પ્રસંગે એક દિવસ યુવતી મંડળ માટે પણ રહેશે તેનું સંચાલન સાં.યો. બહેનો કરશે. સહુ સત્સંગિયો આ શિબિરમાં સહર્ષ ભાગ લઇ શકશે.

**પ્રારંભ :** તા. ૨-૬-૨૦૧૩, રવિવાર થી તા. ૬-૬-૨૦૧૩, ગુરૂવાર સુધી રાખેલ છે.

**સ્થળ :** શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, મિરજાપર-ભુજ-કચ્છ.

## દીપોત્સવ અને અન્નકૂટોત્સવ - સરલી

ગામ સરલી મધ્યે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ દ્વારા સરલી સ્વામિનારાયણ મંદિર ભાઇઓના તેમજ બાઇઓના મંદિરમાં આસો વદ પૂનમ અને કાર્તિક સુદ એકમના દિવસે દીપોત્સવ અને અન્નકુટોત્સવ આનંદભેર ઉજવવામાં આવ્યો હતો. આ દિવસે યુવતી મંડળ દ્વારા બન્ને મંદિરમાં રંગોળી પૂરી અને હજારો દીવા પ્રગટાવવામાં આવ્યા હતા અને યુવાનો દ્વારા આતશબાજી કરવામાં આવી હતી. બીજા દિવસે સાં.યો. બહેનો દ્વારા સરલી ગંગાજી અને મંદિરમાં ભગવાન આગળ અન્નકુટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. સમગ્ર આયોજન કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

- પિંડોરીયા ભારતી અરવિંદ

## તુલસી વિવાહ-કેરા

તા. ૨૬,૨૭,૨૮-૨૦૧૨ આ ત્રિદિવસીય તુલસી વિવાહનું ગામ કેરામાં આયોજન કરવામાં આવ્યું હતું. તુલસી બાઈના માવિત્ર પક્ષે કાનજી માવજી ખેતાણી યજમાન પદે હતા લાલજી મહારાજના માવિત્ર પક્ષે કાનબાઈ નાનજી વાગડીયા રહ્યા હતા. તા. ૨૬,૨૭ના રાત્રે ઠાકોરજીનું ફુલેકું હતું. ૨૮, તારીખના જાનનું આગમન થયું હતું. જાનની શોભા યાત્રામાં બેન્ડ વાજા તથા ઘનશ્યામ બાલ મંડળના બાળકો લેજીમ સાથે જોડાયા હતા. અને આ પ્રસંગમાં ગામ કેરાના કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળના યુવાનોએ સારી એવી ગોઠવણ કરી હતી. પ્રસંગ અનુરૂપ ભોજન પ્રસાદ બાદ જાનને વિદાયમાન આપવામાં આવ્યું હતું.

અહેવાલ : શીવજી નાથા ભુવા - કેરા

## પાટોત્સવ શ્રી સ્વામિનારાયણ મંદિર-ભચાઉ



પ.પૂ. મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી કાર્તિક વદ ૧૪ તા. ૧૧-૧૨-૧૨ થી ૧૫-૧૨૧૨ ૫ દિવસ સુધી ભચાઉ ગામના મંદિરનો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો. આ પ્રસંગે સત્સંગિ જીવન પારાયણનું આયોજન રાખેલ હતું. આ પારાયણના યજમાન પ.ભ. હંસરાજભાઈ કરસન સહ પરિવાર રહ્યા હતા અને સ્વામી કેશવપ્રસાદજી સ્વામીના મંડળના સંતોના હસ્તે સ્વામી સનાતન દાસજી તથા પુ. કેશવજીવનદાસજીના માર્ગદર્શન હેઠળ આ ઉત્સ્વ ધામધૂમથી ઉજવાઈ ગયો. આ પ્રસંગે ખાસ મુંબઈથી ખુથીયા તથા નિશર પરિવારના નિષ્ઠાવાન ભકતો સગા સંબધાદિ બહેનો પધારી પાવન થયા હતા. ભુજથી મહંત સ્વામી આદિ સંતો તેમજ અંજાર માંડવીથી પણ સંતો પધારી યજમાનોને આશીર્વાદ પાઠવયા હતા.

આ ઉત્સવમાં ભુજ - સેલારી ની સાં.યો. બહેનો પણ પધારી બહેનોને સત્સંગનો લાભ આપ્યો હતો. તા. ૧૪ના બપોર પછી આ સામૈયામાં અમદાવાદથી પધારેલા પ.પૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજનું ભવ્ય સ્વાગત દ્વારા મંદિરમાં પધાર્યા અને ત્યાંથી સભા સ્થાને પધાર્યા.

પ.પૂ. મહારાજશ્રી તથા મહંત સ્વામીએ યજમાન પ.ભ. હંસરાજભાઈ કરસન ખુથીયા સુપુત્ર રમેશભાઈ , સુરેશભાઈ, રાજેશભાઈ તથા વિનોદભાઈ આ સમગ્ર પરિવારને અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૧૫ના સવારે હરિકૃષ્ણ મહારાજનો અભિષેક તથા ઠાકોરજીની આરતી કરવામાં આવી હતી. શ્રીમતી સત્સંગીજીવન કથાનું રસપાન પ.પૂ. પુ. સ્વામી પરબ્રહ્મજીવન દાસજી તથા પુ. સ્વામી બ્રહ્મમુનિદાસજીએ પોતાની ભાવવાહી શૈલીમાં સંભળાવી ભકતોને ભાવવિભોર કર્યા હતા. સમ્પૂણ પ્રસંગનું સભા સંચાલન શાસ્ત્રી સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ કર્યુ હતું.

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિરની વિદ્યાર્થિનીઓ રાજય કક્ષાએ અવ્વલ

રમત-ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગાંધીનગર દ્વારા આયોજિત રાજપીપળા મુકામે ૨૬થી ૨૮ નવેમ્બર સુધી અન્ડર - ૧૭ અને અન્ડર - ૧૯ રાજય કક્ષાની એથ્લેટિકસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થિનીઓએ હોંશભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ઊંચી કુદ તેમજ લંગડી ફાળ કૂદમાં મેપાણી મનીષાએ પ્રથમ ક્રમાંક મેળવી સિદ્દિધ હાંસલ કરી હતી. તેમજ ૧૦૦મી. વિઘ્ન અને ૪૦૦મી. વિઘ્નમાં વેકરીયા ધનલક્ષ્મીએ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો અને ઝલદચાલમાં ભુડિયા વનિતાએ તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ હતો. અન્ડર ૧૭માં ૧૦૦મી. વિઘ્ન દોડમાં પિંડોરીયા રશ્મિએ પ્રથમ ક્રમાંક તેમજ દક્ષાએ ૮૦૦મી. દોડમાં તૃતીય ક્રમાંક મેળવેલ હતો. અને પાચં વિદ્યાર્થિનીઓએ રમત-ગમતની શ્રૃંખલા સમાન એથ્લેટિકસ સ્પર્ધામાં અને સાથે સાથે અન્ડર - ૧૭ ખોખોની સ્પર્ધામાં આ શાળાની વિદ્યાર્થિનીઓએ સમગ્ર રાજયમાં તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરી અને કચ્છ જીલ્લાનું સુંદર પ્રતિનિધિત્વ કર્યુ હતું. જેમાંથી હીરાણી રીના, વરસાણી જેસીકા અને હીરાણી નિશાએ રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. ત્યારબાદ અન્ડર - ૧૭ વોલીબોલમાં રાજયકક્ષાએ વિદ્યાર્થિનીઓએ પ્રતિનિધિત્વ કર્યુ હતું. જેમાં શાળાની બે વિદ્યાર્થિનીઓ માતા ભારતી અને વેકરીયા લીલા રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામેલ હતી. સાથે-સાથે મહિલા વિભાગ

એથ્લેટીકસમાં ઊંચી કૂદમાં ભુડીયા લલીતાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામેલ છે. તેમજ અન્ડર – ૧૭ હેન્ડબોલમાં આ શાળાની વિદ્યાર્થિની સોરઠીયા ધારા રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

## કથા પારાયણ - કોડકી

તા. ૨૨–૧૧–૧૨ થી તા. ૨૬–૧૧–૧૨ સુધી કોડકીના સાંખ્યયોગી ગોરબાઈ ફઈના યજમાન પદે શ્રીમદ્ સત્સંગી જીવન પંચાહ્ન પારાયણ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. કથાના વકતા પદે સ્વામી કૃષ્ણવિહારીદાસજી તથા શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી રહ્યા હતા. કથા પારાયણ અંતર્ગત ઘનશ્યામ જન્મોત્સવ તથા રાત્રે યુવક મંડળની સત્સંગ સભા, ચિહ્ન ચિંતામણી વ્યાખ્યાનમાળા તથા એકાદશીના દિવસે જાગરણ દ્વારા ભગવાનની વિશેષ ભકિત થાય તેવા આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૫ના શ્રી કોડકી ગામના સર્વે હરિભકતોને આશીર્વાદ અને દર્શન લાભ આપવા માટે અમદાવાદ દેશ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ પણ પધાર્યા હતા. અને શોભાયાત્રા દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. યુવક મંડળના યુવાનો દ્વારા કચ્છ સત્સંગની વિશેષતા કીર્તન મંડળીમાં જોડાઈ શોભાયાત્રામાં અભિવૃદ્ધિ કરી હતી. યજમાન શ્રી તરફથી ગામમાં ઘર દીઠ એક મૂર્તિ પણ આપવામાં આવી હતી. ગામના અગ્રણી એવાં જાદવા કુંવરજી હાલાઈ તરફથી પણ સારો એવો સાથ સહકાર મળ્યો હતો.

અહેવાલ : નારણ રવજી હાલાઈ

## ગામ કેરામાં ત્રિવેણી પ્રસંગ : અન્નકૂટ દર્શન

તા. ૧૪–૧૧–૧૨ના રોજ ગામ શ્રી કેરામાં દર વર્ષની જેમ અન્નકુટ દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ઠાકોરજીને વિવિધ વાનગીઓનો અન્નકુટ ધરવામાં આવ્યા હતા અને અન્નકુટ આરતીના યજમાન પદે શ્રી રામજી મેગજી પાચાણી રહ્યા હતા.

સિદ્ધિ હાંસલ કરેલ આ તમામ વિદ્યાર્થીનીઓને શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂ. મહંત સ્વામી, વડીલ સંતો, ટ્રસ્ટીઓ, સંસ્થાના ટ્રસ્ટીઓ તેમજ શાળાના આચાર્યાશ્રી તથા સ્ટાફગણે સંસ્થાનું નામ રોશન કરવા બદલ આશીર્વાદ સહ અભિનંદન આપતાં ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છા પાઠવી હતી.

## શ્રી સ્વામિનારાયણ મંદિર નર નારાયણ નગર સુખપર જુ. પાટોત્સવ

નરનારાયણ નગર સુખપરમાં તા. ૭–૧૨–૨૦૧૨ના રોજે મંદિરમાં પુ. દેવકૃષ્ણદાસજી, સ્વામી નીલકંઠચરણદાસજી પુ. સ્વામી કૃષ્ણ સ્વરૂપદાસજી આદિક સંતો દ્વારા ઉત્સાહપૂર્વક પાટોત્સવ ઉજવાયો હતો. તેમાં પંચામૃતથી ભગવાનનો અભિષેક કરાયો હતો. સવારે પ્રભાતફેરી નીકળી હતી. તેમાં ગામના સર્વે હરિભકતો અને સર્વે બહેનોએ ભાગ લીધો હતો. અને પાટોત્સવના યજમાન પદે હીરજી કાનજી ભુડિયા રહ્યા હતા.


સાંજે મ.અ.નિ. સ્વામી હરિસ્વરૂપદાસજીની આજ્ઞાથી ચાલતું યુવક મંડળ અને યુવતી મંડળ શુક્રવારના રાખેલ તેમાં પુ.સ્વામી હરીબળદાસજી અને સ્વામી બાલકૃષ્ણદાસજી તથા સ્વામી દેવકૃષ્ણદાસજી આદિક સંતો દ્વારા શાકોત્સવ ઉજવાયો હતો. તેમાં યુવક મંડળ અને યુવતીમંડળ બાલમંડળ તથા સર્વે ભકતજનો શાકોત્સવનો પ્રસાદ જમી ધન્ય બન્યા હતા.

અહેવાલ : ગોવિંદ ધનજી કેરાઈ ન.ના.નગર, સુખપર

## કથા પ્રસંગ

તા. ૧૬ થી ૨૦ સુધી ગામ શ્રી કેરામાં શ્રી નિષ્કુળાનંદ કાવ્ય પંચાહ્ન પારાયણનું આયોજન કવામાં આવ્યું હતું. આ પ્રસંગના યજમાન દેવજી કાનજી હાલાઈ રહ્યા હતા. તા. ૧૮ના રોજ પ.પુ.ધ.ધુ. શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ પધાર્યા હતા. આચાર્ય શ્રીની શોભાયાત્રામાં મંડળી તથા બેન્ડ વાજા વાળા જોડાયા હતા. તેજ રાત્રે રૂષભ આહિરનો ભજન પ્રોગ્રામ હતો. ચોથી રાત્રે રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ ઉત્સવ પ્રસંગે યજમાન તરફથી ધુવાં બંધ જમણવાર હતું.

## શિવાઈનગર - થાણાને આંગણે ઉજવાયો
## શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ (સચિત્ર)



શ્રી નરનારાયણદેવની કૃપા, આચાર્ય મહારાજ શ્રી તેમજ મહંત સ્વામી શ્રી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી સ.પુ. બાલકૃષ્ણદાસજી સ્વામની દોરવણી હેઠળ તા. ૧૮–૧૧–૧૨ થી તા. ૨૪–૧૧–૧૨ સુધી શિવાઈનગર (થાણા) મધ્યે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ (સચિત્ર)નું અતિ અદ્ભુત આયોજન કરવામાં આવ્યું. આ મહોત્સવમાં શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિ દાસજીએ વ્યાસપીઠ પર વિરાજી એક એક પ્રસંગની ખૂબ ઊંડાણ ભર્યા ચિંતન પૂર્વક વિશદ છણાવટ કરી આઠ – આઠ દિવસ સુધી શ્રોતાજનોને ભાગવત ભાગીરથીમાં રસરૂપ કર્યા હતા. તેમની સાથે સંગીતકાર સ્વામી નિભર્યચરણદાસજીએ પોતાના સુમધુર કંઠે તેમજ તબલાવાદક સ્વામી કપિલમુનિ દાસજીએ તબલાના તાલે શ્રોતાજનોને ડોલાવ્યા હતા.

આ મહોત્સવમાં ૧૦×૮ ફૂટની વિશાળ એલ.ઈ.ડી. સ્ક્રીન પર કથાના પ્રસંગોને જીવંત કરતાં ૧૦૦૦થી વધારે ચિત્રો બતાવવામાં આવ્યા હતાં. જેણે એક અનેરું અને અનોખું આકર્ષણ ઊભું કર્યું હતું. જેનું સ્ક્રીનપ્લે સ્વામી વિવેકમુનિ દાસજીએ ખૂબ જ કાળજીપૂર્વક કર્યું હતું.

મહોત્સવ ઉપક્રમે કથા અંતર્ગત સાંજે અતિ ધામધૂમથી શ્રી કૃષ્ણજન્મોત્સ્વ ઉજવવામાં આવ્યો હતો. જેમાં પુરુષભક્તોએ ગોકુળના ગોપ અને સ્ત્રીભક્તોએ ગોપી બનીને બાળકૃષ્ણનું સ્વાગત કર્યું હતું. છઠ્ઠા દિવસે ગોવર્ધન મહાભિષેક અને અન્નકુટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. રાત્રે રાસોત્સવમાં સૌ ભક્તો દેહ–ગેહાદિનું ભાન ભૂલીને ઝૂમી ઊઠયા. આજ દિવસે પ.પૂ. મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે પધારી મહોત્સવને ચાર ચાંદ લગાવી દીધા. તેમના શ્રીમુખેથી આશીર્વચન સાંભળી સૌ કોઈ આનંદિત થયા. આમ બધા જ ઉત્સવો જુદા જુદા હરભિક્તોના યજમાનપદે હર્ષોલ્લાસ સહ ખૂબ જ ધામધૂમથી ઉજવાયા.

કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળના નામે. ભુજથી યુવક મંડળનું સંચાલન કરતા સંતોએ પધારી સમગ્ર મુંબઈ વિસ્તારમાં ચાલતાં કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળોના યુવાનોનું એક દિવસીય યુવા સત્સંગ સંમેલન રાખયું હતું. જેમાં આહાર વિવેક પ્રેઝન્ટેશનના માધ્યમથી શા.સ્વામી અક્ષરપ્રિયદાસજીએ આંતરશુદ્ધિ, બાહ્યશુદ્ધિ, વ્યસનમુકિત અને સદાચરણની શીખ આપી હતી. જયારે શા.સ્વામી દેવચરણદાસજીએ આપણો સંપ્રદાય પ્રેઝન્ટેશનના માધ્યમથી ઉદ્ધવસંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતો યુવાનોને સમજાવ્યા અને ઉપાસનાની દૃઢતા કરાવી હતી.



# સહજાનંદ ગુરુકુળ મંગલ મહોત્સવની ઝલક







## મહોત્સવના સહભાગી યજમાનશ્રીઓ


























































આ મહોત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરવા સદ. મુકુંદજીવનદાસજી સ્વામી, સદ.પુ. બાલકૃષ્ણદાસજી સ્વામી, સ.દ.હરિબળ દાસજી સ્વામી, પુ. ભકિતનંદનદાસજી સ્વામી, શા.વિજ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી આદિ નાના–મોટા પચીસ સંતો ભુજથી પધાર્યા હતા. નાના યુવાન સંતોએ પોતાના વક્તવ્ય દ્વારા યુવાનોને રાહ ચીંધી હતી. તેવી જ રીતે ભૂલેશ્વર મંદિરના મહંત સ્વામીએ પણ સંતમંડળ સાથે પધારી દર્શન અને આશીર્વાદનો લાભ આપ્યો હતો. વળી સ્ત્રીભકતોએ સત્સંગનો વિશેષ લાભ મળી રહે તે માટે ભુજ મંદિરની આજ્ઞાથી સેલારીમાં રહી સત્સંગ કરાવતા સાંખ્યયોગી બહેનોએ પધારીને સ્ત્રીભકતોને દર્શન અને આશીર્વાદનો લાભ આપ્યો હતો.

આ સમગ્ર મહોત્સવનું સફળ આયોજન કચ્છ શ્રી નરનારાયણ દેવ સત્સંગ મંડળ – શીવાઈનગર (થાણા)ના સત્સંગી ભાઈ–બહેનોએ મળીને કર્યું હતું. અને દરરોજ નિયમિત રીતે મહાપ્રસાદની વ્યવસ્થા પણ આ મંડળના સભ્યોએ જ સાંભળી હતી. તેમજ શા. અક્ષરપ્રકાશદાસજીએ સભાપતિની જવાબદારી નિભાવી હતી.

અહેવાલ : કચ્છ શ્રી નરનારાયણ દેવ સત્સંગ મંડળ, શિવાઈનગર, થાણા

## શ્રી સહજાનંદ ગુરુકુળ - મંગલ મહોત્સવ-માનકુવા

ઈષ્ટદેવ શ્રી નરનારાયણ દેવની અસીમ કૃપાથી અને ભુજ મંદિરના સદૈવ વંદનીય પ.પૂ. મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા સૌ વડીલ સંતોના આશીર્વાદથી શ્રી સહજાનંદ ગુરુકુળ માનકુવા મધ્યે તા. ૧૮–૧૧–૧૨ થી તા. ૨૨–૧૧–૧૨ સુધી મંગલ મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતે ધામધૂમથી ઉત્સાહપૂર્વક ઉજવાયો.

મંગલ મહોત્સવ નિમિતે વિજયાદશમીના પવિત્ર પર્વે મહંત સ્વામી આદિ સંતો તથા યજમાન પ.ભ. શ્રી રવજી શિવજી ગોરસીયાના વરદ હસ્તે ૬૦ ફૂટ ઊંચો ઉત્સવનો વિજય ધ્વજ લહેરાવવામાં આવ્યો.

ઉત્સવની પૂર્વ સંધ્યા તા. ૧૭–૧૧–૧૨ના સીંતેર પોથીઓ સાથે હનુમાનજીના મંદિરેથી પોથીયાત્રાનો પ્રારંભ થયો તે પહેલાં પોથી પૂજન કરીને યજમાનોએ સ્વહસ્તે પોતાનાં ધર્મપત્નીઓના શિરે પોથીઓ મુકી અને વાજતે ગાજતે મંડળીના વાજીંત્રો અને કીર્તનોની રમઝટ સાથે સભામંડપ તરફ પોથીયાત્રાએ પ્રયાણ કર્યું. પોથીઓ સભામંડપમાં મુકાયા બાદ સંગીતની સુમધુર સૂરાવલિ સાથે મહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી આદિ સંતોના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા સંપૂર્ણ ઉત્સવનો મંગલ પ્રારંભ કરવામાં આવ્યો. ગુરુકુળના છાત્રોએ વિવિધ કાર્યક્રમો રજુ કર્યા બાદ પ.પૂ. મહંત સ્વામીએ પ્રસન્નતાપૂર્વક રૂડા આશીર્વાદ પાઠવેલ.

લાભપાંચમ તા. ૧૮–૧૧–૧૨ના સુપ્રભાતે સભામંડપમાં ભૂદેવો તથા સંતો દ્વારા યજમાનશ્રીઓના વરદહસ્તે દેવોનું આહવાન – સ્થાપન – પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ શાસ્ત્રોકત મંત્રોચ્ચાર સાથે દીપ પ્રાગટ્ય કરી વિરાટ યુવા સત્સંગ સંમેલનનો મંગલ પ્રારંભ પ્રાર્થના સાથે થયો. આ સંમેલનમાં કચ્છભરના કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળના ૨૦૦૦ જેટલા ગણવેશધારી યુવાનો સંતોના માર્ગદર્શન મુજબ સભામંડપમાં શિસ્તબદ્ધ રીતે ગોઠવાઈ ગયા. વ્યાસપીઠેથી સ્વામી સંત સ્વરૂપદાસજી, સ્વામી મુકતવલ્લભદાસજી, સ્વામી પરમહંસદાસજી તથા સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ મનનીય પ્રવચનો દ્વારા યુવાવર્ગને જીવન સાફલ્યના

બોધ સાથે આદર્શ યુવક બનવાની પ્રેરણા પ્રદાન કરી હતી સ્વામી દેવચરણદાસજીએ સભા સંચાલનનો દોર સંભાળ્યો હતો. પ્રથમ સત્ર ૧૨:૩૦ વાગ્યે પૂર્ણ થતાં સૌએ ભોજન પ્રસાદ લીધો હતો.

બપોરે ત્રણ વાગ્યે શરૂ થયેલા દ્વિતીય સત્ર દરમ્યાન પ.પૂ. મહંત સ્વામીએ તથા શ્રીહરિ સ્વામીએ યુવા પ્રવૃત્તિઓને બિરદાવતાં માર્ગદર્શક સંતોના સંનિષ્ઠ પ્રયાસોની પ્રશંસા સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સ.ગુ. શા.સ્વામી ભકિતપ્રિયદાસજીએ આભાર દર્શન કર્યા બાદ સૌએ ભોજનપ્રસાદ લીધો હતો. ભોજન અને ટી–શર્ટના દાતા યજમાન પ.ભ. શ્રી નરનારાયણ મીનરલ્સના ડાયરેકટર શ્રી રમેશભાઈ નારણ વેકરીયા (ગામ–નારાણપર) હતા.

તા. ૧૯–૧૧–૨૦૧૨ના સત્સંગી જીવન કથાનો પ્રારંભ થયો. જેના પ્રથમ સત્રમાં શા.સ્વામી પરમહંસદાસજીએ અને બીજા સત્રમાં શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ વ્યાસપીઠ પરથી પોતાની સુંદર, સરળ છતાં સચોટ શૈલીમાં કથામૃતનું પાન કરાવી સૌને તૃપ્ત કર્યા હતા. આ કથા પારાયણની વિશેષતા એ હતી કે કથા દરમ્યાન આવતા પ્રસંગ મુજબ પ્રસંગોચિત વેશભુષા અને રૂપક દ્વારા ગુરુકુળના વિદ્યાર્થીઓએ અદ્ભુત વાતાવરણ વચ્ચે પ્રસંગો આબેહૂબ રજુ કર્યા હતા. શ્રી ઘનશ્યામ પ્રાગટયનો પ્રસંગ દબદબાભેર ઉજવીને ભકતોથી ખીચો ખીચ ભરાયેલા સભામંડપના પ્રેક્ષકોને જકડી રાખ્યા હતા. શ્રી ગૌતમ સાહેબ, શ્રી દિનેશ કાનજી તથા શ્રી હિતેશ દબાસીયાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ તૈયારી કરી હતી.

હર્ષોલ્લાસના વાતાવરણમાં વડીલ સંત સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી તથા સ.ગુ.પુ. સ્વામી શ્રીહરિદાસજીના સૂઝસભર માર્ગદર્શન હેઠળ ઉજવાતા આ મંગલ મહોત્સવમાં તા. ૨૦–૧૧–૧૨ના પ.પૂ. ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું આગમન થતાં માનકુવાથી ૧૨૫ જેટલા શણગારેલા બાઈક અને વાહનો સાથેની શોભાયાત્રા દ્વારા ભકતોએ પોતાનો આદરભાવ અને આનંદ વ્યકત કર્યા હતા. ગુરુકુળના મુખ્ય પ્રવેશદ્વારનું ઉદ્ઘાટન આચાર્ય મહારાજશ્રી, મહંત સ્વામી તથા યજમાન પ.ભ.શ્રી ભીમજીભાઈ હરજીભાઈ ભુડીયા સાથે કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ પરેડ દ્વારા સત્કાર કર્યું અને રંગબેરંગી હજારો બલુનો (ફુગ્ગા)થી આકાશ છવાઈ ગયું અને આચાર્યશ્રીએ સભામંડપમાં પ્રવેશ કર્યો, બપોરે કથા વિરામ બાદ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરેલ તેમજ ભૂતપૂર્વ અને વર્તમાન શિક્ષકો તથા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. ઉપરાંત વિવિધ ક્ષેત્રે શાળાને ગૌરવ અપાવનાર વિદ્યાર્થીઓને પારિતોષિક અર્પણ કરી સન્માનવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન આચાર્ય શ્રી વિપુલભાઈ મહેતા કર્યું હતું.

બપોરના સત્રમાં પધારેલ શ્રી કચ્છી લેવા પટેલ સમાજના મોવડીઓને સન્માનવામાં આવ્યા હતા. શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ હેઠળ કચ્છમાં ચાલતી શૈક્ષણિક, ધાર્મિક તેમજ અન્ય સંસ્થાઓમાં ઠાકોરજીના થાળ, રસોઈ તથા શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશ સામયિકને રૂા. ૧૫૦૦૦/– પંદર હજારની ભેટ અર્પણ કરાઈ હતી. રાસોત્સવની સ્પર્ધામાં ભાગ લેવા વિવિધ ગામની યુવાનોની મંડળીઓ પોત પોતાનાં ગણવેશમાં સજજ થઈ ઉમંગભેર આવી પહોંચી હતી. રાસની એવી તો રમઝટ જામી કે નિર્ણાયકોની પણ કસોટી થઈ ગઈ. આ સ્પર્ધામાં પ્રથમ નંબરે કોડકી, બીજા ક્રમાંકે સુખપર અને તૃતીય સ્થાને માધાપરની મંડળીઓને વિજેતા જાહેર કરવામાં આવી અને તેમની ઈનામો દ્વારા નવાજીને પ્રોત્સાહિત કરવામાં આવેલ.

તા. ૨૧–૧૧–૧૨ના સવારે આચાર્ય મહારાજશ્રી દ્વારા મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા તથા પંચદેવની પ્રતિષ્ઠા તેમજ આરતી કરવામાં આવી હતી.

સંત આશ્રમ તથા સ્વીમીંગ પુલના દાતા શ્રી હરીશ ગોવિન્દ વેકરીયા હતા. છાત્રાલય ગેઈટ ગામ માનકુવાના કલ્યાણભાઈ રત્ના હીરાણીએ ઊંચો આંક આપી. ખુલ્લો મુકયો હતો. ભોજનાલય. દહીંસરમા શ્રી રવજી જાદવજી રામજી ખીરાણીએ ઊંચો આંક આપી ખુલ્લું મુક્યું હતું. પુરુષોતમ વિદ્યાલયના ઉદ્ઘાટા બળદીયાના વેકરીયા પ્રેમજી મેઘજી તથા સુપુત્રો પરબત પ્રેમજી તથા નારાણ પ્રેમજી રહ્યા હતા. પ્રાર્થના મંદિરના યજમાન શ્રી લક્ષ્મણ ભીમજી, કાનજી ભીમજી, પ્રેમજી કેશરા, રવીભાઈ રાઘવાણી પરિવાર

રહ્યા હતા. સભા સ્ટેજ ઉપર દાતાશ્રીઓનું સન્માન પહેરામણી આપી નવાજયા હતા. દબાસીચા હાઈડ્રોલિક મુરજીભાઈ કરશન શીયાણી પરિવાર, કાન્તિભાઈ નારણ મનજી કેરાઈ પરિવાર, રવજીભાઈ મોશીવારા, મેઘજીભાઈ કરશન વરસાણી, હરિ બિલ્ડર્સ, વાલજીભાઈ તથા મુરજીભાઈ વિશ્રામ, ગોપાલ વિશ્રામ, વી.સી.સી. કંપનીવારા, તથા ધનજી મુરજી હીરાણી પરીવાર, તથા શાન્તિલાલ ભંડેરી, દેશ–વિદેશી હરિભકતોનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. માનકુવા તથા ભકિતનગરના સાંખ્યયોગી બાઈઓએ સાધનોથી તથા આર્થિક સહયોગ આપ્યો હતો અને કચ્છના તમામ સા.યો. બહેનો ઉત્સવમાં હાજરી આપી હતી. આ બહેનોનું સન્માન કરવામાં આવેલ.

તા. ૨૨–૧૧–૧૨ના સવારના સત્રમાં ઉત્સવમાં દરેક વિભાગમાં સેવા કરતી સમિતીઓના ભકતોને પહેરામણી કરવામાં આવી. પ્રસંગોચિત મંતવ્ય શાસ્ત્રી ગોલોકસ્વામીએ આપ્યું હતું. પૂજય શ્રીહરિસ્વામીએ આશીર્વાદ પાઠવ્યા હતા. વિદ્યાલયના દાતાશ્રી નાઈરોબીવાસી પરબતભાઈ પ્રેમજીએ ઉત્સવનો મહિમા કહ્યો હતો. આભાર દર્શન એકાઉન્ટન્ટ શ્રી લખમણભાઈ શીયાણીએ કર્યું હતું.

સભાપતિ પદ શાસ્ત્રી ભકિતપ્રિયદાસજી તથા શાસ્ત્રી દેવચરણદાસજી સ્વામીએ સંભાળ્યું હતું. વિશાળ સભામંડપ તથા ભવ્ય હિમાલય તૈયાર કરનાર સેવાભાવી સ્વામી રાધારમણદાસજી સ્વામી, ઘનશ્યામવલ્લભદાસજી તથા જ્ઞાનસ્વરૂપદાસજી તથા હરિભકતોનું સન્માન કરાયું હતું. વિશાળ રસોડાનો દોર સ્વામીશ્રી અક્ષરવિહારીદાસજીના સ્વામી ધર્મજીવનદાસજીના માર્ગદર્શક હેઠળ રહ્યો હતો.

સંતોના ભોજનાલયની સેવા સ્વામી અક્ષરસ્વરૂપદાસજી તથા સ્વામી ધર્મપ્રિયદાસજીએ સંભાળી હતી. પહેરામણીનો દોર સ્વામીશ્રી દેવસ્વરૂપદાસજી તથા વિદ્યાર્થી સંતોએ સંભાળ્યો હતો.

એસ.એસ.જી.એમ.ના વિદ્યાર્થીઓ મંગલમહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રના જાપનું ૩ મહિના અગાઉથી લેખન કાર્ય ચાલુ કર્યું હતું. ટોટલ મહામંત્ર લેખન ૧,૭૫,૦૦૦ તેમજ માળા મંત્રજાપ બધા વિદ્યાર્થીઓ મળી ૬૦,૦૦૦ કર્યા હતા.

ગુરૂકુલના દરેક વિદ્યાર્થીઓને તેમજ ભુજ મંદિરમાં બાળ મંચમાં સારા માર્કે પરીક્ષામાં પાસ થયેલ ને ટી–શર્ટ આપવામાં આવ્યા હતા.

સંપૂર્ણ ઉત્સવમાં ભોજનાલયમાં ભકત ભાઈ–બહેનો તથા બાળકો મળી ૭૫,૦૦૦ ભોજન પ્રસાદ સ્વીકાર્યો હતો. ઉપરોકત ઉત્સવના માર્ગદર્શક સંત શ્રી વડીલસ.સ્વામી દેવકૃષ્ણદાસજી તથા પુરાણી શ્રીહરિ દાસજી રહ્યા હતા.

શા. ગોલોકવિહારીદાસજી


## અંજાર સ્વામિનારાયણ મંદિરે ઉત્સવોની હારમાળા...

તા. ૧૬–૧૨–૧૨, રવિવાર, માગસર–૪, વચનામૃત જયંતી આ દિવસે કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળની રવિસભા સાંજે ૫ વાગે યોજવામાં આવી હતી. જેમાં સારી એવી સંખ્યામાં યુવાનો તેમજ વડીલો હરિભકતો હાજર રહ્યા હતા. સભામાં ખાસ માંડવી મંદિરેથી સ્વામી પરમહંસદાસજી તેમજ સંત સ્વરૂપદાસજી ઉપસ્થિત રહીને કથા–વાર્તાનો લાભ આપ્યો હતો. તેમજ વચનામૃત જયંતી હોતાં. વચનામૃત સંહિતાના પાઠ કરીને વચનામૃત ગ્રંથનું પૂજન તથા વચનામૃતની આરતી ઉતારવામાં આવી હતી. તથા રાત્રી સભા–વિશેષ સત્સંગ સભા મહાસભા મંદિરના પટાંગણમાં યોજવામાં આવી હતી. કથાના વકતા સ્વામી અક્ષરપ્રિયદાસજીએ કથાનું રસપાન કરાવીને તરબોળ કરાવી દીધા હતા. અંજાર સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી હરિજીવનદાસજીએ આશીર્વાદ આપ્યા હતા. તથા કથાના અંતે મહાપ્રસાદ રાખવામાં આવ્યો હતો. જેમાં બહોળી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો હરિભકતોએ લાભ લીધો. સમગ્ર આયોજનમાં મંદિરના સંતો સ્વામી મુકુન્દજીવનદાસજી, સ્વામી હરિબળદાસજી, સ્વામી સુરતમુનીદાસજી, માધવચરણસ્વામી સ્વામી

રામપ્રિયદાસજીનો સહયોગ રહ્યો હતો.

**ઘનશ્યામ બાલ મંડળમાં રાસોત્સવ તથા વેલડ્રેસ હરીફાઈ :** અંજાર સ્વામિનારાયણ મંદિરે રવિવારે કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળની રવિસભામાં યુવાનો સત્સંગનો અલભ્ય લાભ લઈ રહ્યા છે. તો રવિવારે સવારે બાળકોની સભા શ્રી ઘનશ્યામ બાલ મંડળના બાળકો સત્સંગ કરી રહ્યા છે. જેમાં સત્સંગ–કથા સત્સંગી પ્રશ્નો દ્વારા પ્રશ્નોતરી તથા જ્ઞાન સાથે ગમ્મતના પ્રશ્નોત્તર અને બાળકોને આનંદ આપતી ધાર્મિક ઉપદેશ કથાઓ તથા રમત સાથે સત્સંગ સંતો કરાવી રહ્યા છે. જેનાથી નાનપણમાં જ ધાર્મિક સંસ્કારોનું સિંચન થતું રહે અને ધર્મોપદેશ દ્વારા પોતાનું જીવન ઘડતર થતું રહે. તેવી અનેક પ્રવૃત્તિ મંદિર દ્વારા થતી રહે છે. તા. ૨૧–૧૦–૧૨ના રવિવાર સવારે સત્સંગ સભા તથા રાસોત્સવ અને વેલડ્રેસ હરીફાઈ રાખવામાં આવી હતી. જેમાં સારું રમનાર બાળકને તથા આકર્ષક વેષ પરિધાન કરનાર બાળકને ઈનામ આપવામાં આવ્યા હતા. રાસની હરીફાઈમાં વાત્સલ્ય પ્રકાશ સોની – નિકુંજ હીરાણી, કુશલ પવાણી અને ઠક્કર હેમાંગ અરુણભાઈને ઈનામ આપવામાં આવ્યા હતાં. વેલડ્રેસમાં જીત પ્રજાપતિ, વરૂણ પ્રકાશભાઈ સોની, પ્રથમ કમલભાઈ સોની, લક્ષ પ્રજાપતિને ઈનામ આપવામાં આવ્યા હતાં. સુવ્રતમુનિ સ્વામીએ કથાનું સંચાલન કર્યું હતું. સ્વામી મુકુંદજીવનદાસજીના કરકમલ દ્વારા બાળકોને ઈનામ આપવામાં આવ્યા હતાં.

**મહા આરતી :** તા. ૨૭–૧૧–૧૨ના મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં હરિભકતોએ લાભ લીધો હતો. યજમાન અ.નિ. સંજય કુમાર ખોડિયાર દબડાવાળા સુપુત્ર રવિકુમાર તથા માતૃશ્રી સંગીતાબેન દ્વારા મહાઆરતીનું આયોજન સ્વામી શ્રી હરિજીવનદાસજી



મુકુંદજીવનદાસજી, સ્વામી શ્રી પ્રકાશદાસજી સંતોના નેજા હેઠળ કાર્યક્રમનું આયોજન થયેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્વામી અક્ષરપ્રિયદાસજીએ કરેલ. જીવનમાં સુખ–શાંતિ અને ભકિત રહે. તથા ઘનશ્યામ મહારાજમાં વધુને વધુ ભાવ દ્રઢ થતો રહે ને નિષ્ઠા પાકી થતી રહે તેવા મહંત સ્વામી શ્રી હરિજીવનદાસજીએ આશીર્વાદ આપેલ.

**પ્રભાતફેરી :** નૂતન મંદિરના ઉપલક્ષમાં મહિનાના પહેલા રવિવારે પ્રભાતફેરીનું આયોજન થતું રહે છે. તે મુજબ તા. ૨–૧૨–૧૨ના રવિવારે પ્રભાતફેરી અંજારના દરેક વિસ્તારોને આવરી લેતી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન સાથે ફેરી થયેલ. જેમાં ભાવિક હરિભકતો




ભાઈ–બહેનોએ લાભ લીધો. તથા મહિનાના છેલ્લા રવિવારે કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળની રવિસભા રાત્રીના સત્સંગ સભા મંદિરના પટાંગણમાં થાય છે. તથા મહાપ્રસાદ થાય છે. શા.સ્વામી શ્રી વિજ્ઞાન સ્વરૂપદાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું. બહોળી સંખ્યામાં ભાઈ–બહેનો તથા યુવાનો કથાનો લાભ લઈ રહ્યા છે.

**ધામધૂમથી તુલસી વિવાહ :** તા. ૨૫–૧૧–૧૨ રવિવારે કાર્તિક સુદ–૧૨ના દિવસે તુલસીવિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું. તુલસીવિવાહના યજમાન મણીલાલભાઈ નારાણ ઠાકરાણી કન્યાપક્ષે તથા વરપક્ષે અરવિંદકુમાર રતનશી પોકારે લાભ લીધો હતો. સવારે મંદિરના પટાંગણમાં માંડવાની



વિધિ તથા બપોર બાદ ૪ વાગ્યે મંદિરેથી નીકળીને માધવરાય મંદિરેથી પહોંચીને અંજારના રાજમાર્ગે થઈને ભગવાનનો વરઘોડો નીકળ્યો હતો. તથા બેન્ડપાર્ટીના સૂરાવલિએ કીર્તનોની રમઝટથી યુવાનોના હૈયા થનગની ઉઠીને રાસ રમતાં રમતાં તથા બહેનાં ગીત ગાતી ગાતી મંદિરે વરઘોડો પહોંચ્યો હતો. ત્યાં મંદિરના ગોર મારાજ યોગેશભાઈ શાસ્ત્રી દ્વારા લગ્નવિધિ કરાવીને લગ્ન સંપન્ન કરાવ્યા હતાં.

**ધ્વજારોહણ :** શનિવારે પ્રબોધિની એકાદશીના દિવસે મંદિરના શીખર ઉપર નૂતન ધજા ચડાવેલ ધ્વજાઆરોહણના યજમાન જગદીશ શાંતિલાલ પારકરીયા એ લાભ લીધો. સવારે ધ્વજા પૂજન સ્વામી શ્રીહરિજીવનદાસજી તથા અન્ય સંતો દ્વારા યજમાન સહિત પૂજન કરીને નવી ધ્વજા ચડાવેલ... તથા યજમાનશ્રીને મહંત સ્વામીએ આશીર્વાદ આપેલ... જીવનમાં પ્રગતિ કરીને આગળ વધો તથા સંપત્તિ સન્માર્ગે વાપરીને ધજાની જેમ... જગતમાં ઊંચે ચડીને ભગવાનની આજ્ઞામાં રહીને જીવન ઉન્નત થતું રહે તેવા આશીર્વાદ આપેલ.

**ધનુર્માસ પ્રારંભ-મહાધૂન :** તા. ૧૬–૧૨–૧૨ના ધનુર્માસનો શુભઆરંભ થતાં આપણાં સ્વામિનારાયણ મંદિરમાં વિશેષ ધાર્મિક પ્રસંગોનું આયોજન થતું રહે છે. જેમાં સ્વામિનારાયણ મહામંત્રની ધૂનનો વિશેષ મહત્ત્વ હોતાં અંજાર મંદિરમાં પણ ધનુર્માસ



ચાલુ થતાં મંગળા આરતી બાદ સ્વામનિરાયણ મહામંત્રની ધૂન સંગીતના સથવારે લાભ લઈને જીવન ધન્ય બનાવી રહ્યા છે. ધૂન બાદ સંતોના આશીર્વાદ પ્રવચન બાદ પ્રસાદનું વિતરણ થાય છે. ત્યારબાદ શણગાર આરતી અને ઘનશ્યામ મહારાજના નિતનવા વાઘાના દર્શન કરીને પોતાના જીવનને કૃતાર્થ માની ધન્યતા અનુભવે છે.

**સંતોનું વિદેશગમન-યુ.કે. :** સ્વામિનારાયણ ભગવાનના સંદેશા સાથે પરિભ્રમણની પરંપરાથી દેશ–વિદેશમાં પણ સત્સંગનો પ્રચાર–પ્રસાર થઈ રહ્યો છે. અને વિશ્વ ફલક પર સ્વામિનારાયણ સત્સંગ વિસ્તર્યો છે... ભુજ મંદિરના મહંત સ્વામી શ્રી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી તથા અંજાર મંદિરના મહંત સ્વામી શ્રી હરિજીવનદાસજીની આજ્ઞાથી પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, પુ.સ્વામી શ્રી પ્રકાશદાસજી પુ. સ્વામી ધર્મવિહારીદાસજી, શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, સ્વામી વિવેકમુનિદાસજી, સ્વામી મુકુંદમુનિદાસજી સહિત છ સંતોનું મંડળ સત્સંગના પ્રચાર અને પ્રસાર કરવા યુ.કે. જઈ રહ્યા હોવાથી ધનુર્માસમાં પહેલા જ દિવસે ધૂનમાં સર્વે સંતોને હાર પહેરાવીને સન્માન કરેલ તથા મહંત સ્વામી હરિજીવનદાસજીએ આશીર્વાદ આપેલ. તા. ૧૬–૧૨–૧૨ના રવિવારે સવારે ૯ કલાકે યુ.કે. જવા અંજારથી પ્રયાણ કર્યું હતું.

અહેવાલ : રમણીકભાઈ સોલકી

---

**અક્ષરવાસ :** ગામ સુખપરના કાનબાઈ માવજી વેકરીયા ઉમર – ૬૦, શ્રીહરિનું સ્મરણ કરતા. તા. ૩૦–૧૧–૨૦૧૨ને શુક્રવારના રોજ અક્ષરધામ સિધાવ્યા છે. શ્રીજી મહારાજ દિગવંત પુણ્યાત્માને પોતાના ચરણકમળનું સુખ આપે એજ પ્રભુ પ્રાર્થના.

**અક્ષરવાસ :** ગામ અંજારના પ.ભ. ઠા. મુરજીભાઈ નરસિંહ પલણ તા. ૨–૧૨–૧૨, ઉંમર ૭૯, રવિવારના રોજ અક્ષરવાસી થયેલ છે. શ્રીજી મહારાજને તેમને ચરણકમળનું સુખ આપે એ જ પ્રાર્થના.


**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**

# વિદેશ સમાચાર



## નાઈરોબી-નૂતન મંદિર શિલાન્યાસ સમારોહ

### :: આમંત્રણ ::

ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપા તથા ભુજ મંદિરના વડીલ સંતોની પ્રેરણાથી અને હરિભક્તોના આર્થિક દાન – સહયોગથી નાઈરોબીના લંગાટા વિસ્તારમાં સાડા આઠ એકર જમીનનું સંપાદન થયું. તા. ૧૯–૮–૧૨ના રોજ સ.પુ. મહંત સ્વામી શ્રી ધર્મનંદનદાસજી, સ.પુ.સ્વામી શ્રી કેશવપ્રસાદદાસજી, સ.પુ. સ્વામી શ્રી શ્રીહરિદાસજી આદિ વડીલ સંતોની ઉપસ્થિતિમાં નૂતન મંદિરનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું. પ્રાસંગિક આશીર્વાદ આપ્યા બાદ મહંત સ્વામીએ તા. ૧૦–૨–૨૦૧૩ રવિવારના દિવસે ખાત મુહૂર્ત કરવાની જાહેરાત કરી. વધુમાં તેઓશ્રીએ જણાવ્યું કે આ મહોત્સવ પ્રસંગે આપા સૌ કોઈના લાડીલા આચાર્ય મહારાજશ્રી પણ ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે વડીલ સંતોની પ્રેરણાથી મંદિરમાં ત્રિદિવસીય જ્ઞાન યજ્ઞ મહોત્સવનું પણ આયોજન કરવામાં આવેલ છે. આપ સર્વ હરિ ભક્તોને આ સમગ્ર મહોત્સવમાં પધારી શોભામાં અભિવૃદ્ધિ કરવા માટે, મહારાજ શ્રી તેમજ વડીલ સંતોના દર્શન તેમજ આશીર્વાદ લેવા માટે શ્રી કચ્છ સંત્સંગ સ્વામિનારાયણ મંદિર ભુજ તાબાની કાર્યવાહી કમીટી, ટ્રસ્ટીજનો, પ્રોજેક્ટ સમીતી તેમજ નાના મોટા સર્વ હરિભક્તો તરફથી હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## શ્રી સ્વામિનારાયણ મંદિર-સ્ટેનમોર તુલસી વિવાહ

તુલસી વિવાહ : શનિવાર તા. ૨૪/૧૧/૨૦૧૨ના સવારના ૯:૩૦ કલાકે યજમાન અ.નિ. નારણભાઈ કરસન રાબડીયા તથા અ.નિ. કાનબાઈ નારણ રાબડીયા હ. હીરજીભાઈ નારણ રાબડીયાના નિવાસસ્થાને મંડપ રોપણ કરવામાં આવેલ અને ત્યાર બાદ સર્વે સ્ટેનમોર મંદિરે પધાર્યા ત્યાં ૧૧ વાગ્યે માતા તુલસીનો મંડપ રોપણ શ્રી હીરજીભાઈ હરજી પીંડોરીયા તથા ધ.પ. જશુબેન હીરજી પીંડોરીયા સહપરિવાર દ્વારા કરવામાં આવેલ અને પીઠી કરી અને સર્વે છુટા પડયા હતા.

સાંજના ૬:૩૦ કલાકે નીત્ય નીયમની કથા બાદ આવેલ ભુજ મંદિરના સંત મંડળ દ્વારા સંગીતના સથવારે શેરીકો બોલવામાં આવેલ.

રવિવાર તા. ૨૫/૧૧/૨૦૧૨ના સવારના ૧૧ વાગ્યે શ્રી વિષ્ણુની જાન મંદિરમાં પધારેલ વિધી સર લગ્ન કરી અને કન્યાદાન તથા ફેસ ફરવામાં આવ્યા હતા ત્યાર બાદ સર્વેને પ્રસાદ રૂપી ભોજન પીરસવામાં આવ્યું હતું.

અહેવાલ : જાદવજીભાઈ હીરાણી

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કમ્પાલા - યુગાન્ડા

રવિવાર તા. ૧૮–૧૧–૨૦૧૨ના શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર–કમ્પાલા–યુગાન્ડામાં વાર્ષિક જનરલ સભા રાખવામાં આવેલ જેમાં મંદિરનાં આવક – જાવકનાં હિસાબ વાંચી સંભળાવવામાં આવેલ અને વર્ષ ૨૦૧૨–૨૦૧૩ની કાર્યવાહક સમિતિની ચૂંટણી કરવામાં આવેલ જેમાં નીચે મુજબ નવી સમિતીનાં સભ્યોની નામાવલિ છે.

ટ્રસ્ટી શ્રી રવજીભાઈ રત્ના પાઘરા (સુખપર), નિમેશભાઈ ખીમજી શિયાણી–મિરઝાપર, હિતેશભાઈ રવજી જેસાણી–દહિંસરા

પ્રમુખશ્રી પ્રેમજીભાઈ કેસરા કેરાઈ–નારણપર, ઉપપ્રમુખશ્રી વિશ્રામભાઈ શામજી રૂપાલીયા–સુખપર, મંત્રીશ્રી કલ્પેશભાઈ રત્ના હાલાઈ–સુખપર, સહમંત્રીશ્રી ધનજીભાઈ લાલજી હીરાણી–સુખપર, ખજાનચીશ્રી રમેશભાઈ કાનજી વેકરીયા–નારણપર, સહખજાનચીશ્રી હિતેશભાઈ હરજી હિરાણી–માનકુવા.

સભ્યો મનસુખભાઈ કાનજી વેકરીયા–નારણપર, નવીનભાઈ વિશ્રામ પિંડોરીયા–નારણપર, વિનોદભાઈ વાલજી હાલાઈ–મેઘપર, દિનેશભાઈ હરજી વેકરીયા–બળદીયા, ગોવિંદભાઈ અરજણ હાલાઈ–મેઘપર ઉપરોક્ત સભ્યોની નિમણૂક કરવામાં આવેલ.

તુલસી વિવાહ : તા. ૨૪–૧૧–૧૨ શનિવારના રોજ શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરમાં તુલસી વિવાહ પ્રારંભ થવાથી તુલસીબાઈના માંડવા રોપણ ખૂબ

ધામધૂમથી થયેલ. તેમજ સાંજે ઠાકોરથાળીનો ઉત્સવ પણ સારી રીતે ઉજવાયો હતો.

તા. ૨૫-૧૧-૧૨ રવિવારે લાલજી મહારાજ તથા શ્રી તુલસીબાઈનાં વેદોકત વિધિથી લગ્ન લેવાયા. શ્રી લાલજી મહારાજનાં યજમાન ગામ મિરઝાપરનાં પરમ ભકત રવજીભાઈ લાલજી કેરાઈ સહ પરિવાર. શ્રી તુલસીબાઈનાં યજમાન ગામ નારણપરનાં પરમ ભકત વાલજીભાઈ શામજી હાલાઈ સહ પરિવાર હતા.

અહેવાલ : કલ્પેશ રત્ના હાલાઈ

## શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર-મોમ્બાસા

ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, મોમ્બાસામાં વર્ષ ૨૦૧૩ માટે નિયુકત થયેલ ટ્રસ્ટી મંડળ અને કાર્યવાહક સમિતિના માનવંતા સભ્યો નીચે મુજબ છે. **શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર મોમ્બાસાના ટ્રસ્ટીઓ :** વાલજીભાઈ નારણ કેરાઈ, નારણ પ્રેમજી વેકરીયા, માવજી કાનજી હિરાણી, રમેશ ધનજી હિરાણી, નારણ વાલુ મેપાણી **ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ :** પ્રમુખશ્રી હીરજી રામજી હાલાઈ, સુરજપર-રવજી વેલજી ધનાણી, સુખપર-રામજી મનજી વરસાણી, નારણપર-કેતન વીઠલ કેરાઈ, રોહા સુખપર-નારણ ખીમજી હીરાણી **કાર્યવાહક કમીટી :** પ્રમુખ હીરજી રામજી હાલાઈ, સુરજપર-**ઉપપ્રમુખ** રામજી મનજી વરસાણી, નારણપર-**મંત્રી** વિનોદ પોપટ સોજીત્રા-**સહ ખજાનચી** કલ્પેશ કુંવરજી નારદાણી, કેતન હિરજી હાલાઈ, જાદવા શીવજી વાઘજીયાણી, જગદીશ હરજી વેકરીયા, જેન્તી વીરજી વરસાણી, કુવરજી રવજી વેલાણી, લાલજી કલ્યાણ શીયાણી, લાલજી પ્રેમજી પીંડોરીયા, મહેશ વિશ્રામ વેકરીયા, મુકેશ કાનજી કેરાઈ, મુકેશ શીવજી હીરાણી, પરબત હરજી વેકરીયા, રમેશ વિશ્રામ હિરાણી, વિમલ પ્રેમજી કેરાઈ, વિનોદ કેસરા હિરાણી. **સલાહકાર સભ્યો :** નારણ લાલજી પીંડોરીયા, કેસરા વિશ્રામ પાચાણી, મનજી લાલજી કેરાઈ, કલ્યાણ સામજી ઠાકરાણી.

## શ્રી ઘનશ્યામ મહારાજનો દશમો પાટોત્સવ

સ્ટેનમોર શ્રી ઘનશ્યામ મહારાજના દશમાં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે શ્રીમદ્ સત્સંગિભૂષણનું સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની શરૂઆત તા.૨૬/૧૧ના સોમવારના સવારે કરવમાં આવી હતી. દરરોજ સાંજે કથા બાદ મહાપ્રસાદની વ્યવસ્થા કરવમાં આવી હતી જેના યજમાન ગામ દહિંસરાના પ્રેમજીભાઈ લાલજી નારણ જેશા, તથા નારણપરના નારણભાઈ ગાંગજી પિંડોરીયા હતા, શુક્રવારના રોજ શ્રી ઘનશ્યામ મહારાજનો પંચામૃત મહાભિષેક કરવામાં આવ્યો હતો. જેના યજમાન શીવજીભાઈ નાનજી હિરાણી, મીરજાપર હા. ધીરેશભાઈ, નરેશભાઈ હરજી વેકરીયા બળદીયા, મનજીભાઈ કરસન વેકરીયા-બળદીયા, જીણાભાઈ ગેવરીયા, હા. નીરવભાઈ પટેલ અમદાવાદ આદિ ભક્તો લાભ લીધેલ અન્નકૂટના યજમાન ગોવિંદભાઈ મેઘજી ગાજપરીયાએ લીધો હતો. શનિવારના મહાપૂજાનો કાર્યક્રમ રાખેલ રવિવારના ૧૧ કલાકે સંતોના આશીર્વાદ સાથે કથા સમાપ્તિ કરવમાં આવી હતી.

- જાદવજીભાઈ હિરાણી

## શ્રી ક. સ. સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન-પંચાહ પારાયણ

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન ગામદેવી મુંબઈ અને શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન - નાઈરોબી, આમ બંને સંસ્થાની સ્થાપના દિનની ઉજવણી આપણા શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર - નાઈરોબી, કિરીન્યાગા રોડ ઉપર કરવામાં આવી હતી. ભુજ મંદિરથી પધારેલા અ.નિ. મહંત સ.પુ. સ્વામી શ્રી હરિશ્વરૂપદાસજીના મંડળના સ.પુ. સ્વામી શ્રી અક્ષરવલ્લભદાસજીના મંડળના સંતો વ્યાસાસને વિરાજી તા. ૮-૧૨-૧૨ થી તા. ૧૨-૧૨-૧૨ સુધી શ્રી નિષ્કુળાનંદ સ્વામી વિરચિત ભક્ત ચિંતામણી અંતર્ગત શ્રી પરચા પ્રકરણ કથાનું અમૃતપાન કરાવ્યું હતું. સવાર અને સાંજ સંતો શ્રી નારાયણપ્રિયદાસજી અને શ્રી હરિપ્રસાદદાસજીએ સુમધુર સ્વરમાં કથા સંભળાવી હતી. બુધવાર તા. ૧૨ના રોજ સવારે કથા બાદ સ્વામી શ્રી અક્ષરવલ્લભદાસજી અને સ્વામી શ્રી ધર્મચરણદાસજીએ અ.નિ. વડીલ સંતોની અને વડીલ હરિભકતોની દીર્ઘદષ્ટિને યાદ કરી દર વર્ષે મંદિરમાં પારાયણ થાય છે તે બદલ સર્વ હરિભકતોને આશીર્વાદ આપ્યા હતા.

અધ્યક્ષ શ્રી પરબતભાઈએ બંને વિશ્રાંતિ ભુવનનો ઈતિહાસ સંક્ષેપમાં રજુ કર્યો હતો કે કેવી વિકટ પરિસ્થિતિમાં મુંબઈનું વિશ્રાંતિ ભુવન થયું હતું.

મંત્રી શ્રી જાદવજીભાઈએ પારાયણમાં નાની મોટી સેવા કરનાર ભાઈઓ બહેનો સૌ કોઈ હરિભકતોનો હાર્દિક આભાર વ્યકત કર્યો હતો.

અહેવાલ : સહમંત્રી નારણભાઈ ગોરસીઆ.

## અન્નકૂટ ઉત્સવ : શ્રી ક.સ. સ્વામિ. મંદિર-સાઉથ-ઈસ્ટ લંડન

તા. ૧૪–૧૨–૧૨ બુધવારના શુભ મંગલકારી નૂતન વર્ષના દિવસે ઠાકોરજી આગળ વિવિધ પ્રકારની વાનગીઓ બનાવી ઠાકોરજી આગળ થાળ ધરવામાં આવ્યા હતા. અન્નકૂટ ગોઠવણીમાં યુવક હરિભકતો તેમજ ભુજ મંદિરના સંતોના માર્ગદર્શન હેઠળ થાળ ગોઠવવામાં આવેલ હતા અને તેના દર્શનનો લાભ તમામ હરિભકતોએ લીધેલ હતો ત્યારબાદ અન્નકૂટ દર્શનની આરતી માટે મુખ્ય યજમાનશ્રી સત્સંગી બહેનોએ વધુ આંક આપી અન્નકૂટ આરતીનો લાભ લીધો હતો અને બહુ જ મોટી સંખ્યામાં હરિભકતોએ અન્નકૂટ ઉત્સવનો લાભ લીધો હતો.

તા. ૧૦–૧૧–૧૨ શનિવારના યુવક સત્સંગીઓ તરફથી ભકિત સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવેલ તેનો લાભ પણ મોટી સંખ્યામાં સત્સંગીઓ ભાઈઓ બહેનોએ લીધેલો હતો.

તા. ૨૪–૧૧–૧૨ શનિવારના શુભ દિવસે તુલસી વિવાહનું આયોજન આપણા મંદિરમાં કરવામાં આવેલ તેમાં પ્રથમ સવારના ૮:૩૦ કલાકે મંડપ વિધિ કરવામાં આવેલ અને સાંજના ૪ કલાકે તુલસી વિવાહ કરવામાં આવેલ અને તુલસી–વિવાહ ઉત્સવ ધામધૂમથી આપણા મંદિરમાં ઉજવવામાં આવેલ અને બહુ જ મોટા પ્રમાણમાં ભકતજનોએ ઉત્સવનો લાભ લીધો હતો. ઉત્સવના યજમાનશ્રી લાલજી મહારાજ પક્ષના ગા. સરલીના પ.ભ. હીરજીભાઈ કુંવરજી રાબડીયા સહપરિવાર તથા તુલસીબાઈ પક્ષના ગા. આ. સુખપરના પ.ભ. મીતીનભાઈ નાનજી હીરાણી સહપરિવાર રહ્યા હતા અને તેનો લ્હાવો લીધો હતો. ઉત્સવના અંતમાં મહાપ્રસાદનો લાભ તમામ ભકતોએ લીધો હતો.

## શ્રી ક.સ. સ્વામિ. મંદિર-સાઉથ-ઈસ્ટ લંડન શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ

તા. ૩–૧૨–૧૨ સોમવારથી તા. ૯–૧૨–૧૨ રવિવાર સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન મંદિરમાં કરવામાં આવેલ હતું. કથા પારાયણના વકતા શ્રી ભુજ મંદિરના વિદ્વાન સંત શાસ્ત્રી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ પોતાની સુરીલી ભાષામાં કથાનું રસપાન કરાવેલ અને મોટી સંખ્યામાં સત્સંગીઓ ભાઈઓ–બહેનોએ કથા શ્રવણ તેમજ દર્શનનો લાભ લીધો હતો. કથા પ્રસંગમાં સંગીતકાર પુ. સ્વામી શ્રીજી નંદનદાસજીએ પોતાના સુરીલા અવાજમાં કીર્તનો સંભળાવ્યા હતા.

કથા પારાયણના મુખ્ય યજમાનશ્રી ગામ માધાપર ના અ.નિ. નાનબાઈ કુરજી ભુડીયા તથા અ.નિ. કુરજી રવજી ભુડીયા, હા. સુત હરીશભાઈ કુવરજી સહપરિવાર તથા સુત. વાલજીભાઈ કુવરજી ભુડીયા સહપરિવારે તેમના માતા–પિતાના મોક્ષાર્થે આ શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરેલ હતું.

તા. ૮–૧૨–૧૨ શનિવારના સાંજના ૭:૩૦ કલાકે આપણા મંદિરમાં ચાલતી ગુજરાતી સ્કૂલ તેમજ મેથ કલાસ તેમજ યુ.નિ.માં કોઈએ ડીગ્રી મેળવી હોય તેમને મંદિર વતી એવોર્ડ સંતોના હસ્તે આપવામાં આવેલ હતા.

ત્યારબાદ ભકિત સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવેલ તેમાં શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ તથા સંગીતકાર પુ.સ્વા. શ્રીજી નંદનદાસજીએ પોતાના સુરીલા અવાજમાં કીર્તનો સંભળાવ્યા હતા. મોટા પ્રમાણમાં ભકતજનોએ લાભ લીધો હતો. કથાની પૂર્ણાહુતિના દિવસે મહાપ્રસાદ ભોજન – તમામ ધર્મપ્રેમી ભકતજનોએ લીધેલ હતું અને આનંદમય વાતાવરણમાં શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું સમાપન કરવામાં આવેલ.

નોંધ : કથાની પૂર્ણાહુતિના દિવસે પુ.સ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા પુ.સ.સ્વામી શાંતિપ્રિયદાસજી એ તમામ સભાજનોને આશીર્વાદ પાઠવ્યા હતા.

અહેવાલ : મંત્રીશ્રી હીરજીભાઈ કાનજી ભુડીયા

## તુલસી વિવાહ મહોત્સવ

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબી મધ્યે તુલશી વિવાહ ખૂબ જ ધામધૂમ થી ઉજવાઈ ગયો. તા. ૨૪–૧૧–૧૨ શનિવારને એકાદશીના રોજ સવારે સાત વાગ્યે તુલસીબાઈ તથા લાલજી મહારાજ (શાલીગ્રામ)ના મંડપારોપણ ભાઈઓ અને બહેનોની બહુ મોટી સંખ્યાની હાજરીમાં સંપન્ન થયું હતું.

રવિવાર તા. ૨૫–૧૧–૧૨ના રોજ સવારે લાલજી મહારાજના યજમાન શ્રી પ.ભ. વિરજીભાઈ મેઘજી પાંચાણી, દહિંસરાના ઘેરથી સવારે ૯ કલાકે મંડળી સહિત વાજતે ગાજતે જાને પ્રસ્થાન કર્યું હતું. સવારે ૯:૩૦ કલાકે શ્રી ક.સ.સ્વામિ. વિશ્રાંતિ ભુવનના હોલમાં કન્યા પક્ષના યજમાન શ્રી પ.ભ. પ્રેમજીભાઈ ધનજી રાઘવાણી બળદીયા, પરિવારે જાનનું સ્વાગત સમૈયું કર્યું હતું. ત્યારબાદ ગોર શ્રી હરીશ મહારાજે શાસ્ત્રોક વિધિ અનુસાર લગ્ન કરાવ્યા હતા. લગ્નવિધિ થયા બાદ સર્વ હરિભકતોને યજમાન શ્રી પ્રેમજીભાઈ પરીવાર તરફથી મહાપ્રસાદ રૂપી ભોજન પીરસવામાં આવ્યું હતું.



# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

લેખન : શા.સ્વામી સંતસ્વરૂપદાસજી

### ભક્તિને વસ ભગવાન

બાલમિત્રો ! જય શ્રીસ્વામિનારાયણ... નાના બાળકનું સાચા ભાવથી ગવાયેલું ધૂન કિર્તન શ્રીજીમહારાજને બહુ ગમે છે. એ વિષેનો એક પ્રસંગ સાંભળીયે.

એકવાર શ્રીજીમહારાજ ભાલપ્રદેશમાં વિચરણ કરતા કરતા પીપળી ગામમાં પધાર્યા. આ ગામના દરબાર દાદાભાઇ શ્રીજીમહારાજના પરમ ભક્ત હતા. તેમના દરબારમાં શ્રીજીમહારાજે ઉતારો કર્યો. દરબારમાં રોજ સંતો-હરિભક્તોની સભા ભરાતી, કથાવાર્તા અને ભજન કીર્તનની રમઝટ થતી. શ્રીજીમહારાજની અમૃતવાણીનો લાભ લેવા પીપળી ગામના અને આજુબાજુનાં ગામોના હરિભક્તો આવતા. મહારાજના દર્શન કરી દિવ્ય આનંદનો અનુભવ કરતા.

એક દિવસ શ્રીજીમહારાજ દાદાભાઇના દરબારમાં સભાની મધ્યે બિરાજમાન હતા. સભામાં સંતો તથા હરિભક્તોની ભીડ જામી હતી. એવામાં ત્યાં બારેક વર્ષનો એક નાનો બાળક સભાની પાછળ આવીને ઊભો રહ્યો. તેના હાથમાં રાવણહથ્થો (એક પ્રકારનું સંગીત વાદ્ય)હતો. તે રાવળિયાનો એક બાળક હતો. રાવળિયો એટલે ગામમાં ફરે રાવણહથ્થો વગાડી ગાન કરે એમાંથી જે મળે તેનાથી પેટ ભરે. તેના પહેરવેશ અને મોં પરના હાવભાવ પરથી સામાન્ય બાળક જણાતો હતો. તે સભામાં આવી હાથમાં રાવણહથ્થો લઇ વગાડવા લાગ્યો. વગાડતો જાય ને ભજન ગાતો જાય. તેનો અવાજ સાંભળી શ્રીજીમહારાજ સહિત સભામાં બેઠેલા સંતો-ભક્તોનું ધ્યાન તેમના તરફ ખેંચાયું. બાળકનાં મીઠા સૂરે ગવાતું ભજન સાંભળીને સૌ ડોલવા લાગ્યા. શ્રીજીમહારાજ પણ ભજન સાંભળી મંદ મંદ હસવા લાગ્યા. ભજન પૂરુ થયું. શ્રીજીમહારાજે છોકરાને પાસે બોલાવી પૂછ્યું તું કોણ છે ? અને આ ભજન શામાટે ગાય છે?

બાળક બોલ્યો : હું રાવળિયો છું. ઘરોઘર ફરી ગાવણું કરું છું એમાંથી જે મળે તેનાથી પેટ ભરું છું.

મહારાજ કહેઃ પણ અમો તને કાંઇ આપવાના નથી, તું અમથું અહીં ગાયન કરે છે.

બાળક કહે : બાપજી, મારે તો તમારી પાસેથી કાંઇ જોઇતું નથી. હું કેવળ તમને રાજી કરવા માટે જ ગાઉ છું. એમ કહીને ફરી રાવણહથ્થો વગાડી ગાવાનું શરુ કર્યું.

બાળકની મીઠી વાણી અને શુદ્ધ નિષ્કામ ભાવ જોઇ શ્રીજીમહારાજ ખૂબ રાજી થઇ ગયા. પોતાના મસ્તકે ઝરિયાની પાઘ પહેરેલી હતી તે પાઘ ઉતારી બાળકના માથે પહેરાવી દીધી. આખી સભા આશ્ચર્ય પામીને જોઇ જ રહી. આટલું જ નહિ ઉપરથી પોતે પહેરેલી ડગલી અને કિંમતી શેલું પણ કાઢીને આપી દીધા. આજે તો શ્રીજીમહારાજ આ બાળક પર અઢળક ઢળ્યા હતા. ત્યાતો બાળકે શ્રીજીમહારાજને રાજી કરવા નવું ભજન ઉપાડયું. આ જોઇ બધાને મનમાં થયું કે હવે મહારાજ આ બાળકને શું આપશે. એવામાં શ્રીજીમહારાજની

નજર ફળિયામાં બાંધેલા પોતાના રોજા ઘોડા પર પડી. આ જોઇ સભામાં બેઠેલા સુરાખાચર તરત જ સમજી ગયા કે હવે આ ઘોડો જવાનો, આમ વિચારી સુરાખાચર ધીરે રહીને નાજા જોગિયાની બાજુંમાં જઇ કાનમાં વાત કરી નાજા ! આ તારા બાપજીની આંખ ફરી છે તો કદાચ એ ઘોડાને પણ બાળકને આપી દેશે. માટે એને ઝટ છોડી મૂક.

નાજા જોગિયાએ તત્કાળ ઘોડશાળમાં ગયા અને રોજા ઘોડાને બીજા ઘોડાની વચ્ચે છોડી મુક્યો. તેથી ત્યાં ભારે કોલાહલ મચી ગયો. એટલે આખી સભા ઉઠી ગઇ. શ્રીજીમહારાજ સમજીગયા કે આ સુરાખાચરની યુકતી છે. શ્રીજીમહારાજ સભામાંથી ઉભા થઇ બાળકની પાસે ગયા. તેના માથાપર હાથ મૂકી આશીર્વાદ આપ્યા. અને કહ્યું જા અમને યાદ કરી ભજન-ભક્તિ કરજે અંતે અમે તને આમારા અક્ષરધામમાં તેળી જશું. બાળકને આશીર્વાદ આપી શ્રીજીમહારાજ પોતાને ઉતારે પધાર્યા.

બાળ મિત્રો, વાચ્ચુંને નિષ્કામ ભવે ભજન કિર્તન કરવાથી શ્રીજીમહારાજ કેવા રાજી થાય છે. માટે આત્યારે ધનુર્માસ ચાલે છે. સવારે વહેલા જાગી મંદિરમાં જઇ ધૂન બોલી શ્રીજીમહારાજને રાજી કરવાનો લાભ લઇ લેજો.

## જ્ઞાનસરિતા

૧. ભુજ અભ્યાસ માટે આવેલા મુક્તાનંદ સ્વામીની સાથે કયા સંત આવ્યા હતા ?
(અ) નિત્યાનંદ સ્વામી (બ) દયાનંદ સ્વામી
(ક) શતાનંદ સ્વામી (ડ) બ્રહ્માનંદ સ્વામી

૨. ભુજમાં નારાયણ ભગવાન કયા હાથમાં ચક્ર ધારણ કરેલું છે ?
(અ) નીચેલો ડાબો (બ) ઉપરનો ડાબો
(ક) નીચેનો જમણો (ડ) ઉપરનો જમણો

૩. ચાગબાઇ કયા નગરના હતા ?
(અ) ભુજ (બ) રાપર
(ક) અંજાર (ડ) કેરાગઢ

૪. ભિષ્મપિતાના પિતાનું નામ શું હતું ?
(અ) ભરત (બ) શંતનું
(ક) કુરુ (ડ) વ્યાસજી

૫. ભિષ્મપિતાના ગુરુનું નામ શું હતું ?
(અ) પરશુરામ (બ) દ્રોણગુરુ
(ક) વ્યાસજી (ડ) પરાસર

૬. ભારતના લોખંડી પુરુષ તરીકે કયા નેતાનું નામ જાણીતું છે ?
(અ) લાલ બહાદુર (બ) નરેન્દ્ર મોદી
(ક) ગાંધીજી (ડ) સરદાર વલ્લભભાઇ

૭. વંદે માતરમ્, આ રાષ્ટ્રીય ગીતની રચના કોણે કરેલી હતી ?
(અ) રવીન્દ્રનાથ (બ) ભગતસિંહ
(ક) બંકિમચંદ્ર (ડ) ઉમા શંકર જોષી

૮. હિન્દુ ધર્મનો મુખ્ય ગ્રંથ કયો છે ?
(અ) રામાયણ (બ) ભાગવત
(ક) ગીતા (ડ) મહાભારત

૯. મનુષ્યની વાસ્તવિક મૂડી કઇ છે ?
(અ) ધન (બ) સુસંસ્કાર
(ક) પદવી (ડ) જમીન

૧૦. જો વિદ્યાર્થીઓ અભ્યાસમાં મન ન લગાવે તો શું થાય ?
(અ) સમય બગડે (બ) ધનનો વ્યય થાય
(ક) પરીક્ષામાં નપાસ થાય
(ડ) અ, બ, ક, ત્રણેય

-:સમજુ બાળક:-

૧. સમજુ બાળક, ઘર, મંદિર, કે શાળામાં ગમે ત્યાં કચરો ન કરે, કચરો તો કચરાપેટીમાં જ નાખવો. જ્યાં ત્યાં કચરો નાખવાથી ગંદકી થાય. જેથી માખી, મચ્છરનો ઉપદ્રવ થાય એના કારણે શરીર બીમાર થાય.

૨. પાઠ્યપુસ્તકો, ધાર્મિક પુસ્તકો અને નોટબુકને પુંઠા ચડાવી વ્યવસ્થિત સંચવીને રાખે.

૩. જીવનને નિયમિય બનાવીએ.સમયસર ઊઠીજવું,ભોજન સમયે ભોજન કરવું,અભ્યાસના સમયે અભ્યાસ કરવો વગેરે બધું સમય પ્રમાણે કરવું અને માટે એક સમયપત્રક બનાવવું.


૪. દરરોજ બાલચરિત્ર,કે અન્ય ધાર્મિક પુસ્તકોનું વાંચન કરવું.

૫. ગયા વર્ષના રિઝલ્ટને આધારે વધારે ટકા મેળવવાનો ધ્યેય રાખવો. અને એ માટે પહેલાથી જ તૈયારી કરવા જોઇએ.

**-: શબ્દ રચના - ભારતની ઓળખ :-**

આ દશ પ્રશ્નોના જવાબ નીચે આપેલા ભારતના નાકશામાં શોધો.

૧. ભારતનું રાષ્ટ્રીય ફૂલ કયું છે ?
૨. ભારતની રાષ્ટ્રીય મુદ્રાલેખ કંઇ છે ?
૩. ભારતનું રાષ્ટ્રીય ફળ કયું છે ?
૪. ભારતનું રાષ્ટ્રીય પ્રાણી કયું છે ?
૫. ભારતનો રાષ્ટ્રીય ધ્વજ કયો છે ?
૬. ભારતનું રાષ્ટ્રીય પક્ષી કયું છે ?
૭. ભારતનું રાષ્ટ્રીય ચલણ કયું છે ?
૮. ભારતનું રાષ્ટ્રીય વૃક્ષ કયું છે ?
૯. ભારતમાં સૌથી લાંબી નદી કંઇ છે ?
૧૦. ભારતના રાષ્ટ્રીય ધ્વજ વચ્ચે શું મુકવામાં આવે છે ?




## સરનામું

નામ.........................................

.............................................

ગામ ...............

તાલુકો................ ઉંમર..............

શાળા............................

ધો.......... મો.ન...........................

-: ગત જ્ઞાનસરિતાના જવાબો :-

માગસર સુદ ૪, માગસર, માગસર સુદ ૧૨, ૨૭૩, ૯, ૧૨, સત્યવ્રત, ગીતા, ધમડકા, ૧૮,

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પં | અ | મ | દા | ભુ | જ | રં | ગ | ઢ | તા |
| સ | ગ | ઢ | ડા | ન | લો | ણી | પ | ઢ | દ |
| કા | ર | શ્લા | લી | પુ | ચા | દા | ગ | રિ | વા |
| સા | ણ | સ | ડ | રિ | વ | ના | ચા | લ | પં |
| રં | ગ | ન | કા | પ | જુ | જે | ત | ન | ચા |
| ગ | જે | ફ | રે | ણી | ઢ | ડા | જ | વા | લા |
| પુ | ન | રા | પ | ર | વ | સુ | ર | ત | જે |
| ર | ણ | અ | મ | દા | વા | દ | ન | તા | અ |
| ગ | ર | શ્લા | દિ | ન | ગ | પુ | ર | લા | પં |
| વ | ઢ | લી | ચા | જે | ત | લ | પુ | ર | ચા |

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧૫૦૦૦/– | શ્રી સહજાનંદ ગુરુકુળ | માનકુવા | શ્રી સહજાનંદ ગુરુકુળનો મંગલ મહોત્સવ નિમિત્તે ભેટ |
| ૨૨૨/– | વિવેક રમેશ કેરાઈ | રામપર–વેકરા હાલે નૈરોબી | સુપુત્ર ચિ. વિવેકના જન્મ નિમિત્તે શ્રી નરનારાયણ દેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૦/– | માવજી કાનજી હીરાણી | ભક્તિનગર હાલે મોમ્બાસા | ઠાકરથાળી નિમિત્તે ભેટ |
| ૫૦૦/– | જાદવજી નાથા વેકરીયા | સુખપર–ભુજ | તુલસી વિવાહ તેમજ પુત્રી ચિ. લક્ષ્મીના લગ્ન નિમિત્તે ભેટ |
| ૫૦૦/– | મયુરી મુકેશ કેરાઇ | સુખપર–રોહા હા. મોમ્બાસા | જન્મદિવસ નિમિતે ભેટ |
| ૫૦૦/– | અ.નિ. રતનબેન અરજણ હીરાણી હસ્તે સુપુત્ર ધનજી અરજણ | નારાણપર (ની.વાસ) | તા. ૩–૧૨–૧૨ના અ.નિ. થવાથી મોક્ષાર્થે ભેટ |
| ૨૫૧/– | જીવરાજભાઈ ભીમજીભાઈ ભાવાણી | રવાપર હાલે બોઈસર | નવી ગાડી લીધી તે નિમિતે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/– | રમેશભાઈ જમનાદાસ તન્ના | મુંબઈ | તા. ૧૩–૧૨ના જન્મ દિવસ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/– | મુરજી કરસન કેરાઈ | માંડવી | શ્રી નરનારાયણ દેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૧/– | અ.નિ. કુંવરજીભાઈ શામજીભાઈ ભુડીયા હસ્તે શિવજીભાઇ કુંવરજીભાઈ ભુડીયા | સુખપર | ભુજ મંદિરમાં પંચાહ્ન કથા પારાયણ નિમિત્તે ભેટ |
| ૫૦૧/– | લાલજીભાઈ કરસન વરસાણી ધ.પ.પુરબાઈ લાલજી | સુખપર | ભુજ મંદિરમાં પંચાહ્ન કથા પારાયણ નિમિત્તે ભેટ |
| ૨૦૦/– | દેવશી કરસન કેરાઈ | વાડાસર | શ્રી નરનારાયણ દેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/– | શિવજી ભચુ ગામી | કેરા હાલે લંડન | શ્રી નરનારાયણ દેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧ | હિતેશ મનજી કારા | રામપર વેકરા | લગ્ન નિમિત્તે ભેટ |
| ૧૦૦/– | ગોવિંદ સામજી પિંડોરીયા | સુખપર–રોહા | ચિ.ઉપેશ અને ચિ. ઉર્મિલાના લગ્ન પ્રસંગે ભેટ |
| ૧૦૦/– | ગોવિંદ સામજી પિંડોરીયા | સુખપર–રોહા | અનિલ ગોવિંદ પિંડોરીયાના ભાઈના લગ્ન પ્રસંગે ભેટ |
| ૧૦૦/– | ગોવિંદ સામજી પિંડોરીયા | સુખપર–રોહા | ઉર્વશીબેન ગોવિંદ પિંડોરીયાના ભાઇના લગ્ન પ્રસંગે ભેટ |
| ૧૦૦/– | શ્રીમતી નવલબેન કનૈયાલાલ સલાટ | ભુજ | રક્ષાબેનની પુત્રી ચિ. માધવીના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/– | શ્રીમતી નવલબેન કનૈયાલાલ સલાટ | ભુજ | રીનાબેનની સુપુત્રી ચિ. માનસીના જન્મ દિવસે ભેટ |
| ૫૦૦/– | લાલજી પ્રેમજી વેકરીયા | નારાણપર | સુપુત્રી ચિ. દક્ષાના લગ્ન નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/– | જયોર્જ કે. કીલી | એલ્ડોરેટ–કેનીયા | શ્રી નરનારાયણ દેવના દર્શને આવેલ તે નિમિત્તે |
| ૫૦૦/– | રસીલાબેન/અજુબેન કાનજી હીરાણી | મિરજાપર | લગ્ન પ્રસંગ નિમિત્તે શ્રી નરનારાયણ દેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/– | ચિ. ભાવેશભાઈ નારાણ પિંડોરીયા | આ.સુખપર હાલે ભુજ | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણ દેવ પ્રસન્નાર્થે ભેટ |
| ૨૦૦/– | ચિ. પુનિત નારાણ પિંડોરીયા | ભુજ | જન્મ દિવસ નિમિત્તે શ્રીહરી પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/– | ટવીંકલ માવજી હીરાણી | સુખપર–રોહા | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણ દેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૦૦/– | યુવક મંડળ અને યુવતી મંડળ | કોડકી | વચનામૃત જયંતિ અને સમુહ પારાયણ નિમિત્તે ભેટ |
| ૬૦૦/– | દેવશી રત્ના વરસાણી | માનકુવા (નૈરોબી) | શ્રી નરનારાયણ દેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/– | વિશ્રામ કરસન રૂપાલીયા | સુખપર–ભુજ | શ્રી નરનારાયણ દેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૨૫/– | રત્ના શિવજી હાલાઈ | કેરા–હાલે લંડન | પૌત્રી કિંજલ તથા પૌત્ર રીતીકના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦૦/– | રાજેશ ઘનશ્યામ વાગજીયાણી | કેરા હાલે મોમ્બાસા | રાજેશભાઈને ત્યાં પુત્રી જન્મ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/– | ભૂપેન્દ્ર ગોવિંદ ગોરસીયા | માધાપર | અ.નિ. રસીલાબેનની સ્મૃતિમાં |























(૧) સ્ટેનમોર લંડનમાં દશાબ્દી મહોત્સવમાં અભિષેક કરાવતા ભુજ મંદિરના સંતો. (૨) સ્ટેનમોર લંડનમાં તુલસીવિવાહ મહોત્સવમાં સંલગ્ન યજમાન પરીવાર. (૩) થાણા મુંબઈમાં પારાયણ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા સંતો. (૪) થાણા મુંબઈમાં પારાયણમાં મંત્રમુગ્ધ ભાવિક ધર્મપ્રેમી બહેનો. (૫) થાણા મુંબઈમાં આશીર્વાદ આપતા મહારાજશ્રી. (૬) થાણા મુંબઈમાં પારાયણ પ્રસંગે તુલસી વિવાહમાં યજમાન પરિવાર અનો શ્રોતાગણ. (૭-૮) કોડકી વચનામૃત જયંતીના પવિત્ર દિવસે વચનામૃતનું વાંચન કરતા ભાઈ તથા બહેનો. (૯) કોડકી પારાયણ પ્રસંગે મહારાજશ્રીની શોભાયાત્રા. (૧૦) ચંદ્રનગર (ખોખરા) નૂતન સ્વામિનારાયણ મંદિર શિલાન્યાસ વિધી પ્રસંગે ઉપસ્થીત હરિભક્તો. (૧૧) ચંદ્રનગર (ખોખરા) ભુજ મંદિર તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિરનું ખાત મુહૂર્ત કરતા સંતો તથા યજમાન.

RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2012-2014
WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2014

























(૧-૨-૩) અંજાર શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર નિર્માણાર્થે ઊભી કરાયેલી મોટી ક્રેઈન સહિત પ્રથમ શીલાનું પૂજન કરતા ભુજ મંદિરના મહંત સ્વામી સહિત વીડલ સંતો અને હરિભક્તો. (૪-૫-૬-૭-૮) સહજાનંદ ગુરૂકુલ મગંલ મહોત્સવની ઝલક.